RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 200* Date: 18.05.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

**કોરોના સંક્રમિતોનો કુલ આંક અઢી કરોડની નજીક પહોંચ્યો, ૩૫ લાખ એક્ટિવ કેસ**

# કોરોનાની સ્પીડ પર બ્રેક :૨૪ કલાકમાં ૨.૮૧ લાખ કેસ નોંધાયા



## દૈનિક કેસો ઘટ્યા પરંતુ ૨૪ કલાકમાં ૪ હજારથી વધુ દર્દીનાં મોત, ૩.૭૮ લાખ લોકો સ્વસ્થ થયા, દિલ્હી અને મહારાષ્ટ્રમાં કેસો ઘટ્યા

*ન્યુ દિલ્હી,તા.૧૭*

ભારતમાં કોરોના વાયરસના કેસનો આંકડો ૨૫ દિવસ પછી ૩ લાખની નીચે નોંધાયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા સોમવારે જાહેર કરેલા આંકડા પ્રમાણે દેશમાં ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૨,૮૧,૩૮૬ કેસ નોંધાયા છે. ૨૨મી એપ્રિલના રોજ પહેલીવાર ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના કેસનો આંકડો ૩ લાખને પાર ગયો હતો.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા ૨૪ કલાકના આંકડા પ્રમાણે દેશમાં વધુ ૪,૧૦૬ લોકોના કોરોનાના કારણે મોત થયા છે. જેની સામે વધુ ૩,૭૮,૭૪૧ દર્દીઓ સાજા થયા છે. એટલે કે નવા કેસ અને સાજા થયેલા દર્દીઓ વચ્ચે ૯૭,૦૦૦ કરતા વધુનું અંતર છે.

ભારતમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૨,૪૯,૬૫,૪૬૩ થઈ ગયો છે જેની સામે ૨,૧૧,૭૪,૦૭૬ દર્દીઓ સાજા થયા ગઈ ગયા છે અને ૨,૭૪,૩૯૦ દર્દીઓના કોરોનાના લીધે મોત થઈ ગયા છે. દેશમાં સાજા થનારા દર્દીઓની સંખ્યા વધતા એક્ટિવ કેસની સંખ્યા ઘટી રહી છે, જે આંકડો ૩૫,૧૬,૯૯૭ થઈ ગયો છે.

આઈસીએમઆર મુજબ ૧૬ મે સુધીમાં ૩૧,૬૪,૨૩,૬૫૮ સેમ્પલ કોરોના ટેસ્ટ માટે લેવામાં આવ્યા છે, જેમાંથી ગઈકાલે ૧૫,૭૩,૫૧૫ સેમ્પલ લેવામાં આવ્યા છે.

હાલ કર્ણાટકા કોરોનાનું હોટસ્પોટ બનેલું છે કે જ્યાં સૌથી વધારે કોરોનાના ૬,૦૦,૧૬૮ એક્ટિવ કેસ છે જ્યારે બીજા નંબર પર મહારાષ્ટ્ર છે કે જ્યાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૪,૭૦,૫૯૫ છે. ભારતમાં કોરોનાના વાયરસ સામે લડવા માટે રસીના કુલ ૧૮,૨૯,૨૬,૪૬૦ ડોઝ આપવામાં આવ્યા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય મુજબ દેશમાં પોઝિટિવિટી રેટ ૧૬.૯૮% પર પહોંચ્યો છે. જ્યારે દેશનો રિકવરી રેટ સુધારા સાથે ૮૪.૨૫ પર પહોંચ્યો છે. જ્યારે મૃત્યુની ટકાવારી ૧.૦૯ પર પહોંચી છે.

ભારતમાં રોજ નોંધાતા કોરોના કુલ કેસમાંથી કર્ણાટકા, મહારાષ્ટ્ર, કેરળ, રાજસ્થાન અને તામિલનાડુ સહિતના ૧૦ રાજ્યોમાં ૭૪.૬૯% એક્ટિવ કેસ છે. ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આ પછી ૧૯ એપ્રિલે ભારતમાં કોરોના કુલ કેસનો આંકડો ૧.૫૦ કરોડને પાર થયો હતો. ૩ એપ્રિલના કેસ સાથે આ આંકડો ૨ કરોડને પાર કરી ગયો છે.

# અમે પોતાના લોકો કરતા વધારે દુનિયાને વેક્સિન આપી છેઃ યુએનમાં ભારતે હકીકત જણાવી




યુએન,તા.૧૭

ભારતમાં અત્યારે કોરોનાની બીજી લહેરની ઝપટમાં છે અને આખા દેશમાં લોકો મહામારીનો સામનો કરી રહ્યા છે. તો કોરોનાથી બચવા માટે દેશભરમાં રસીકરણ પણ ચાલી રહ્યું છે, પરંતુ વિપક્ષ કોરોના રસીકરણને લઈને ભારત સરકાર પર અનેક પ્રશ્નો ઉઠાવી રહ્યું છે. અનેક રાજ્ય સરકારોએ પણ વેક્સિનની તંગીની વાત કહી છે. આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક વિડીયો વાયરલ થઈ ગયો છે, જેમાં ભારતીય અધિકારી કોરોના વેક્સિનને લઈને સંયુક્ત રાષ્ટ્રમાં નિવેદન આપી રહ્યા છે.

વાયરલ વિડીયોમાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના ઉપ સ્થાયી પ્રતિનિધિ અને રાજદૂત કે. નાગરાજ નાયડૂ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાને સંબોધિત કરી રહ્યા છે. આ દરમિયાન નાયડૂ કહે છે કે અત્યાર સુધી (૨૬ માર્ચ ૨૦૨૧)ના આંકડા પ્રમાણે અમે અમારા દેશના લોકોનું જેટલું રસીકરણ કર્યું છે, તેનાથી વધારે વેક્સિનનો સપ્લાય વૈશ્વિક સ્તર કર્યો છે. રિપોર્ટ પ્રમાણે નાયડૂએ ૨૬ એપ્રિલ ૨૦૨૧ના સંયુક્ત રાષ્ટ્રના સામાન્ય સભાને સંબોધિત કરી હતી. આ દરમિયાન ભારતે એ પણ ચેતવણી આપી હતી કે વેક્સિન વિતરણની આ મહામારીને ખત્મ કરવાની સામૂહિક વૈશ્વિક સંકલ્પને હરાવી દેશે. સૌથી ગરીબ દેશોને આ સૌથી વધારે પ્રભાવિત કરશે.

ભારત ‘કોવિડ-૧૯ રસી માટે સમાન વૈશ્વિક પહોંચને લઈને રાજકીય જાહેરાત’ના આરંભકર્તાઓમાંથી એક હતુ. આ મુદ્દા પર ૧૮૦થી વધારે સંયુક્ત રાષ્ટ્ર સભ્ય દેશોનું ભારતે સમર્થન મેળવ્યું હતુ. સંયુક્ત રાષ્ટ્રએ ભારતના ઉપ સ્થાયી પ્રતિનિધિ કે. નાગરાજ નાયડૂએ મહાસભાની અનૌપચારિક બેઠકમાં કહ્યું કે, જ્યાં કોવિડ-૧૯ મહામારી ચાલી રહી છે, ત્યાં વર્ષ ૨૦૨૧ એક સકારાત્મક નોટ પર શરૂ થયું, જેમાં વૈશ્વિક વૈજ્ઞાનિક સમુદાયે આ મહામારીને રોકવા માટે અનેક રસીની શોધ કરી. નાયડૂએ બેઠકમાં કહ્યું હતુ કે, “જ્યારે વેક્સિન પડકારનો હલ થઈ ગયો છે તો હવે અમે કોવિડ-૧૯ રસીની ઉપલબ્ધતા, પહોંચ, સામર્થ્ય અને વિતરણની ખાતરી કરવાની જરૂરિયાત છે. વૈશ્વિક સહયોગનો અભાવ અને રસીની પહોંચમાં અસમાનતા સૌથી ગરીબ દેશોને પ્રભાવિત કરશે.”

નાયડૂએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને જણાવ્યું હતુ કે ભારત કોવિડ-૧૯ની વિરુદ્ધ વૈશ્વિક લડાઈમાં સૌથી આગળ રહ્યું છે. ભારત આગામી ૬ મહિનામાં ના ફક્ત પોતાના ફ્રન્ટલાઈન કાર્યકર્તાઓનું રસીકરણ કરી રહ્યું છે, પરંતુ ૭૦થી વધારે દેશોને રસી પુરી પણ પાડી છે. નાયડૂએ કહ્યું કે, સ્વદેશી રીતે વિકસિત કોવેક્સિન સહિત ભારતની બે રસીને પહેલા જ ઈમરજન્સી ઉપયોગની પરવાનગી આપવામાં આવી છે. તેમણે કહ્યું હતુ કે વધુ ૩૦ વેક્સિન ટેસ્ટિંગના અલગ-અલગ તબક્કાઓમાં છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૭૧૩૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૭૫૯૭૫૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૮૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૨૩૪૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૬૫૦૯૩૨**

### રાજનાથ સિંહ અને ડો.હર્ષવર્ધન હાજર રહ્યા

# કોરોના સામે નિર્ણાયક ભૂમિકા નિભાવવા ૨ ડીજી દવા લોન્ચ કરાઈ



*ન્યુ દિલ્હી,તા.૧૭*

કોરોના વાયરસની સામે જંગમાં નિર્ણાયક ભૂમિકા નિભાવવા માટે ડ્ઢઇર્ડ્ઢની તરફથી એન્ટી-કોવિડ મેડિસિન ૨ ડીજી (2-DG) લોન્ચ કરી દીધી છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને કેન્દ્રીય સ્વાસ્થય મંત્રી ડૉ.હર્ષવર્ધન સિંહે આ દવાનો પહેલો જથ્થો રીલીઝ કરી દીધો.

DRDOના મતે ‘૨-ડીઓક્સી-ડી-ગ્લુકોઝ’ દવાને INMAS દ્વારા હૈદરાબાદની ડૉક્ટર રેડ્ડી લેબની સાથે મળીને તૈયાર કરાઇ છે. તાજેતરમાં જ ક્લિનિકલ-ટ્રાયલમાં પાસ થયા બાદ ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI)એ આ દવાને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દીધી હતી. કહેવાય છે કે આ દવાઓ સેશેમાં ઉપલબ્ધ થશે. એટલે કે દર્દીઓએ તેને પાણીમાં ઓગાળીને પીવી પડશે.

અધિકારીઓનું કહેવું છે કે ગ્લુકોઝ પર આધારિત આ દવાના સેવનથી કોરોના દર્દીઓને ઓક્સિજન પર વધુ નિર્ભર રહેવું પડશે નહીં. સાથો સાથ તેઓ ઝડપથી સાજા થઈ જશે. ક્લિનિકલ-ટ્રાયલ દરમ્યાન પણ જે કોરોના દર્દીઓને આ દવાઓ આપી હતી તેમનો RT-PCR રિપોર્ટ ટૂંક સમયમાં જ નેગેટિવ આવ્યો છે.તેમણે કહ્યું કે આ દવા સીધા વાયરસના પ્રભાવિત સેલ્સમાં જઈને જામી જાય છે અને વાયરસ સિંથેસિસ અને એનર્જી પ્રોડક્શનને રોકીને વાયરસને વધતા રોકે છે. આ દવાને સરળતાથી ઉત્પાદિત કરી શકાય છે. એટલે ખૂબ જ ઝડપથી આખા દેશમાં ઉપલબ્ધ કરી શકાશે.

# રાહુલ ગાંધીએ પીએમ મોદી અને વન્ટિલેટરની સમાનતા જણાવી



ન્યુ દિલ્હી,તા.૧૭

આજે સમગ્ર દેશોમાં કોરોના વાયરસની બીજી તરંગની લપેટમાં છે. દરરોજ લાખો દર્દીઓ આવતા મેડિકલ સિસ્ટમ પાટા પરથી ઉતરી ગઈ છે. હોસ્પિટલમાં પલંગ, દવાઓ અને ઓક્સિજનના અભાવને કારણે કોરોના દર્દીઓનું મોત નીપજ્યું છે. દેશ તબીબી સુવિધાઓ અને માળખાગત સુવિધાના અભાવથી પીડાઈ રહ્યો છે. દરમિયાન પીએમ કેર ફંડ હેઠળ રાજ્યોને વેન્ટિલેટર આપવામાં આવ્યા હતા, પરંતુ વેન્ટિલેટરમાં ખામીઓ હતી, જેના પછી તેઓ માત્ર એક સફેદ હાથી તરીકે હોસ્પિટલમાં જગ્યા રોકી રહ્યા છે, જેના માટે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કડક હુમલો કર્યો છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સતત કોરોના પછી મોદી સરકાર પર નિશાન તાકી રહ્યા છે. હવે તેમણે પીએમ કેર ફંડમાંથી આ વેન્ટિલેટર અંગે કેન્દ્ર સરકારની આડેહાથ લીધા છે. સોમવારે એક ટ્વિટમાં રાહુલ ગાંધીએ લખ્યું કે પીએમ કેરના વેન્ટિલેટર અને પીએમ વચ્ચે ઘણી સમાનતાઓ છે. રાહુલ ગાંધીએ પોતાના ટ્વિટમાં મોદી સરકારને આડે હાથે લીધી હતી અને લખ્યું હતું કે વડાપ્રધાનના વેન્ટિલેટર અને ખુદ વડાપ્રધાન વચ્ચે ઘણી સમાનતાઓ છે. બંનેનો ખૂબ ખોટો પ્રચાર, તેમનુ કામ કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયું અને જરૂરિયાત સમયે બંનેને શોધવાનું મુશ્કેલ છે.

### સરકાર સાથે મતભેદ થતાં

# દેશના ટોચના વિજ્ઞાની શાહિદ જમીલનું કોવિડ પેનલમાંથી રાજીનામુ

ન્યુ દિલ્હી,તા.૧૭

કેન્દ્ર સરકાર સાથે મતભેદ થતા દેશના ટોચના વિષાણુ વિજ્ઞાની ડો. શાહિદ જમીલે કોવિડ પેનલમાંથી રાજીનામું આપી દેતા વિવાદ સર્જાયો છે. ડો. શાહિદ ભારતના પ્રસિદ્ધ વાયરોલોજિસ્ટ છે. તેઓ વિજ્ઞાનીઓના સલાહકાર જૂથના ફોરમમાંથી ખસી ગયા છે.

આ પેનલ કોરાના વાઈરસના વિવિધ વેરિયન્ટની શોધ કરવા માટે રચાઈ હતી. ડો. શાહિદે કોરોના મહામારીનો સામનો કરવા અંગેના મોદી સરકારના ઉપાયો અને રિતો સામે સવાલ ઉઠાવ્યા હતા.

એક તરફ કોરોનાએ દેશને ભરડામાં લીધો છે. બીજી બાજુ મોદી સરકાર તેની નીતિઓ અને વલણને કારણે વિશ્વભરમાં ચર્ચા અને ટીકાનું કેન્દ્ર બની રહી છે. ડો. શાહિદે જો કે આ અંગે વધુ કંઈ કહેવાનો ઈનકાર કરી દીધો.

સીનિયર વાયરોલોજિસ્ટે કહ્યું કે રાજીનામુ આપવાનું કારણ જણાવવું તેમની મજબૂરી નથી. છતાં એવું કહેવાય છે કેં INSACOGY માર્ચમાં જ કેન્દ્ર સરકારને કોરોનાના નવા અને વધુ સંક્રમક વેરિયન્ટ અંગે ચેતવ્યું હતું. પરંતુ સરકારે તેમની સલાહ પર કામ કર્યું નહી. તેથી આવી પરિસ્થિતિનું નિર્માણ થયું.

બીજી બાજુ પેનલની ચેતવણી મુજબ ખરેખર દેશમાં કોરોનાના નવા વેરિયન્ટ (સ્વરુપ) ?.૧.૬૧૭એ ભારતમાં તબાહી મચાવી દીધી છે. કોરોનાની બીજી ભયાનક લહેર માટે આ વેરિયન્ટને જ જવાબદાર માનવામાં આવી રહ્યું છે.

## તંત્રી સ્થાનેથી...

### વિધાનસભા ચૂંટણીના કારણે રાજ્યસભાની ૪ બેઠકો ખાલી, ભાજપને ખાસ ફાયદો નહીં!



તાજેતરમાં સંપન્ન થયેલી ૪ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વિધાનસભા ચૂંટણી બાદ રાજ્યસભાની ૪ બેઠકો ખાલી થઈ ગઈ છે. આ તમામ બેઠકો પર ૪ સાંસદ વિધાનસભા થકી રાજ્યસભા સુધી પહોંચ્યા હતા. જેમાંથી કેટલાક સભ્યો પોત-પોતાના રાજ્યોમાં મંત્રી તરીકે પણ કામ કરશે.

૨૦૧૭માં રાજ્યસભા માટે ચૂંટાયેલા તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડો માનસ ભૂઈયાએ વિધાનસભા ચૂંટણી લડી હતી. જેમાં જીત મેળવીને હાલ તેઓ રાજ્યના વોટર રિસોર્સ ઈન્વેસ્ટિગેશન એન્ડ ડેવલોપમેન્ટ મિનિસ્ટર છે.

આજ પ્રકારે એઆઇડીએમકેના કે આર વૈથિલિંગમ, જે ૨૦૨૨માં રાજ્યસભાથી નિવૃત થવાના હતા, તેમણે ઓરથાનાડુ વિધાનસભા વિસ્તારમાંથી જીત્યા બાદ સાંસદ પદેથી રાજીનામું આપી દીધુ છે. તેઓ તમિલનાડુ વિધાનસભામાં વિપક્ષી પાર્ટીમાં છે.

તેમની પાર્ટીના સહયોગી કેપી મુનુસામીએ પણ તમિલનાડુ વિધાનસભાના સભ્ય બનવા માટે સંસદ પદેથી રાજીનામું આપી દીધુ હતુ. મુનુસામીએ વેપ્પનહલ્લી વિધાનસભા વિસ્તારથી ચૂંટણી જીત્યાં છે. અન્ય એક રાજ્યસભા સાંસદ, અસમથી વિશ્વજીત દૈમારીએ રાજ્યસભા સાંસદ પદ છોડ્યું છે. રાજ્યના કેટલાક અધિકારીઓના જણાવ્યા મુજબ, ભાજપ ધારાસભ્યના રાજ્યની વિધાનસભામાં આગામી અધ્યક્ષ બનવાની સંભાવના છે. આ સિવાય તારકેશ્વર બેઠક પરથી બંગાળ ચૂંટણી લડનારા સાંસદ સ્વપન દાસગુપ્તાએ પણ સંસદ તરીકે રાજીનામું આપી દીધુ હતું.

ચૂંટણી પ્રક્રિયા અનુસાર, રાજ્યસભામાં આ ખાલી પડેલી બેઠકો ભરવા માટે પેટાચૂંટણી થશે. જ્યારે તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપ પોતાના સાંસદો દ્વારા ખાલી કરવામાં આવેલી બેઠકોને સરભર કરવામાં સક્ષમ હશે. સુત્રો મુજબ, તૃણમૂલ કોંગ્રેસ પ્રશાંત કિશોર અને યશવંત સિન્હાને રાજ્યસભામાં મોકલી શકે છે.

તમિલનાડુમાં એઆઇએડીએમકે સાંસદો દ્વારા ખાલી થયેલી બન્ને બેઠકો સત્તાધારી ડીએમકે ની પાસે જવાની સંભાવના છે. જ્યારે અસમ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળની ૪ બેઠકો પર પેટાચૂંટણી થશે. ભારતના રાષ્ટ્રપતિને સ્વપન દાસગુપ્તાની બેઠક માટે એક પ્રતિષ્ઠિત વ્યક્તિને નોમિનેટ કરવાના હોય છે. જો કે નિયમ મુજબ દાસગુપ્તાનું પુનઃ નોમિનેશન પણ થઈ શકે છે.

## નારદા કૌભાંડમાં સીબીઆઈની કાર્યવાહી

# બંગાળમાં રાજનીતિ ગરમાવો: મમતા સરકારના મંત્રી-ધારાસભ્યોના ઘરે સીબીઆઇના દરોડા

કલકત્તા,તા.૧૭

પશ્ચિમ બંગાળમાં ૨૦૧૬ની વિધાનસભા ચૂંટણી પહેલા નારદા સ્ટિંગ ઑપરેશને ઘણું જ જોર પકડ્યું હતુ. ૨૦૨૧માં વિધાનસભા ચૂંટણી થઈ અને મમતા બેનર્જીની ફરીવાર સરકાર બની. આ દરમિયાન સીબીઆઈએ તૃણમૂલ કોંગ્રેસ સરકારના મંત્રી ફિરહાદ હાકિમ અને સુબ્રત મુખર્જી ઉપરાંત ટીએમસી ધારાસભ્ય મદન મિત્રા અને પૂર્વ બીજેપી નેતા સોવન ચેટર્જીની ધરપકડ કરી છે. આ તમામની વચ્ચે મમતા બેનર્જી પણ સીબીઆઈ ઑફિસ પહોંચી ગયા છે. ટીએમસીના કાર્યકર્તાઓએ ભારે હોબાળો મચાવ્યો છે.

પશ્ચિમ બંગાળમાં ૨૦૧૬ની વિધાનસભા ચૂંટણીથી પહેલા નારદ સ્ટિંગ ટેપ સામે આવવાથી રાજકીય જગતમાં ખળભળાટ મચી ગયો હતો. દાવો કરવામાં આવ્યો હતો કે તેને ૨૦૧૪માં બનાવવામાં આવી હતી અને આમાં ટીએમસીના મંત્રી, સાંસદ અને ધારાસભ્યો જેવા દેખાતા વ્યક્તિઓને એક કાલ્પનિક કંપનીના પ્રતિનિધિઓ પાસેથી કેશ લેતા જોવા મળ્યા હતા.

સ્ટિંગ ઑપરેશન કથિત રીતે નારદ ન્યૂઝ પોર્ટલના મેથ્યૂ સેમ્યુઅલે કર્યું હતુ. આ કેસ કોલકાતા હાઈકોર્ટ પહોંચ્યો. માર્ચ ૨૦૧૭માં કોર્ટે સ્ટિંગ ઑપરેશનની સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો. સીબીઆઈ અને ઈડીએ આ કેસની તપાસ શરૂ કરી હતી.

પશ્ચિમ બંગાળમાં ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીથી પહેલા તૃણમૂલ કોંગ્રેસના અનેક નેતા સીબીઆઈ અને ઈડીની તપાસની રડાર પર હતા. નવેમ્બર ૨૦૨૦માં ઈડીએ નારદા સ્ટિંગ ઑપરેશનમાં પૂછપરછ માટે ટીએમસીના ૩ નેતાઓને નોટિસ મોકલીને ડૉક્યુમેન્ટ્સ માંગ્યા હતા.

આમાં મંત્રી ફરહાદ હાકિમ, હાવડા સાંસદ પ્રસૂન બંદોપાધ્યાય અને પૂર્વ મંત્રી મદન મિત્રાની આવક અને ખર્ચનો હિસાબ માંગ્યો હતો. ઈડીએ સીબીઆઈની ફરિયાદના આધારે કથિત મની લૉન્ડ્રિંગમાં ૧૨ નેતાઓ અને એક આઈપીએસ ઉપરાંત ૧૪ અન્ય લોકોની વિરુદ્ધ કેસ નોંધ્યો હતો.

૧૩ લોકોમાં મદન મિત્રા, મુકુલ રૉય (અત્યારે બીજેપીમાં), સૌગત રૉય, સુલતાન અહમદ (૨૦૧૭માં નિધન), ઈકબાલ અહમદ, કાકોલી ઘોષ દસ્તીદાર, પ્રસૂન બંદોપાધ્યાય, સુવેંદુ અધિકારી (અત્યારે બીજેપીમાં), સોવન ચેટર્જી (બીજેપી છોડી), સુબ્રત મુખર્જી, ફિરહાદ હાકિમ, અપરૂપા પોદ્દાર અને આઈપીએસ સૈયદ હુસૈન મિર્ઝાનું નામ સામેલ હતુ. ઉલ્લેખનીય છે કે ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં સુવેંદુ અધિકારીએ મમતા બેનર્જીને નંદીગ્રામથી હરાવી દીધા. ત્યારબાદ તેમને બીજેપીએ નેતા વિપક્ષ બનાવ્યા છે.



એલિફન્ટ ફેમિલી ટ્રસ્ટના સભ્ય લંડનમાં એશિયન હાથીને લુપ્ત થવાથી બચાવવા માટે સમર્પિત સહઅસ્તિત્વ અભિયાનના ભાગ રૂપે મોલની આજુબાજુ જીવન કદના હાથીના ટોળા બનાવવામાં આવ્યા છે.

# રેશન દુકાનો બધા દિવસ ખૂલી રાખવા રાજ્યોને કેન્દ્રનો આદેશ

ન્યુ દિલ્હી,તા.૧૭

કેન્દ્ર સરકારે રેશનની દુકાનો બધા દિવસ ખૂલી રાખવાનો તમામ રાજ્યોને આદેશ આપ્યો હતો. ગરીબોને અનાજનું તેમ જ સબસિડીનું સમયસર અને સુરક્ષિત રીતે વિતરણ થઈ શકે તેની ખાતરી કરવા માટે રેશનની દુકાનો વધુ સમયગાળા માટે અને અઠવાડિયાના બધા જ દિવસે ખૂલી રાખવાની સરકારે હાકલ કરી હતી.

જોકે, આ સાથે જ સરકારે સોશ્યિલ ડિસ્ટન્સિંગનું અને કોરોનાની માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું પણ લોકોને જણાવ્યું હતું.

વર્તમાન લૉકડાઉન દરમિયાન રેશનની દુકાનોનો કામકાજનો સમય ઘટી ગયો હોવાને કારણે અનાજ મેળવવાને પાત્ર લાભાર્થીઓને તે માટે પૂરતો સમય નથી મળતો જેને કારણે તેઓ એ લાભથી વંચિત રહી જતા હોવાની રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા કરવામાં આવેલી ફરિયાદને પગલે કેન્દ્રના અન્ન ખાતા દ્વારા ૧૫ મેએ આ અંગેની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી.

નેશનલ ફૂડ સિક્યોરિટી ઍક્ટ (એનએફએસએ) હેઠળ કેન્દ્ર સરકાર દેશના ૮૦ કરોડ કરતા પણ વધુ ગરીબોને રેશનની દુકાન મારફતે રૂ. ૧થી ૩ પ્રતિકિલોના ભાવે પાંચ કિલો અનાજ પૂરું પાડે છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (પીએમજીકેએવાય) હેઠળ દેશના આ જ ૮૦ કરોડ લાભાર્થીઓને વધારાનું પાંચ કિલો અનાજ મે અને જૂન એમ બે મહિના મફત પૂરું પાડવામાં આવશે.

# ગાઝામાં ફરી બોમ્બમારો, ઈઝરાયલી ફાઈટર વિમાનોએ ૧૦ મિનિટ સુધી કર્યો હુમલો

જેરુસલેમ,તા.૧૭

ઈઝરાયલી લડાકુ વિમાનોએ ફરી એક વખત ગાઝા સિટી પર બોમ્બમારો કર્યો છે. સોમવારે સવારે ઈઝરાયલ દ્વારા સતત ૧૦ મિનિટ સુધી બોમ્બમારો કરવામાં આવ્યો હતો. જાણવા મળ્યા મુજબ ઈઝરાયલના ફાઈટર પ્લેને ગાઝા સિટીના વિવિધ વિસ્તારોમાં સીરિઝમાં ભારે એરસ્ટ્રાઈક કરી હતી.

સોમવારે સવારે શહેરના ઉત્તરી ક્ષેત્રથી લઈને દક્ષિણી ક્ષેત્ર સુધી સતત ૧૦ મિનિટ સુધી બોમ્બવર્ષા થતી રહી હતી. આ એરસ્ટ્રાઈક ૨૪ કલાક પહેલા કરવામાં આવેલી બોમ્બવર્ષા જેમાં ૪૨ પેલેસ્ટાઈનીઓના મોત થયા હતા તેનાથી પણ ભારે હોવાનું સામે આવ્યું છે. જો કે, ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ દ્વારા આપવામાં આવેલા નિવેદન પ્રમાણે IDF ફાઈટર જેટ્સ ગાઝા પટ્ટીમાં સ્થિત આતંકવાદી ઠેકાણાઓને જ ટાર્ગેટ કરી રહ્યા છે. ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચે ચાલી રહેલા હિંસક સંઘર્ષ વચ્ચે ઈઝરાયલે રવિવારે સવારે પણ ગાઝા પટ્ટી પર બોમ્બમારો કર્યો હતો. તે હવાઈ હુમલામાં ૪૨ પેલેસ્ટાઈનીઓ માર્યા ગયા હોવાના અને અનેક ડઝન લોકો ઘાયલ થયા હોવાના સમાચાર સામે આવ્યા હતા. આ હુમલામાં ૩ જેટલી રહેણાંક ઈમારતો ધ્વસ્ત થઈ ગઈ હતી.

જાણવા મળ્યા મુજબ હમાસ પ્રમુખ યેહ્યા અલ-સિનવારના ઘરને પણ ટાર્ગેટ કરવામાં આવ્યું હતું. ઈઝરાયલના ફાઈટર વિમાનોએ રવિવારે ગાઝા સિટીના મહત્વના વિસ્તારોમાં અનેક ઈમારતોને નિશાન બનાવી હતી. હવાઈ હુમલાના કારણે રસ્તાઓ, બિલ્ડિંગ વગેરે ક્ષતિગ્રસ્ત થયા છે. આ હુમલામાં આશરે ૪૦ જેટલા લોકો માર્યા ગયા હતા જેમાં બાળકો અને મહિલાઓનો પણ સમાવેશ થાય છે.

ઈઝરાયલે હમાસને ભારે નુકસાન પહોંચાડવા માટે હુમલા તેજ કરી દીધા છે કારણ કે, સંઘર્ષ વિરામના પ્રયત્નો તેજ થઈ ગયા છે. તણાવ ઘટાડવા માટે અમેરિકી રાજદ્વારી પણ આ ક્ષેત્રમાં છે અને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે પણ આ અંગે બેઠક યોજી હતી.

સોમવારથી અત્યાર સુધીમાં હમાસ અને અન્ય આતંકવાદી જૂથોએ ઈઝરાયલ ઉપર ૨,૯૦૦ જેટલા રોકેટ તાક્યા છે. જવાબી કાર્યવાહીમાં ઈઝરાયલે પણ હમાસને ભારે નુકસાન પહોંચાડ્યું છે.

## ૭૩ દેશોની સુંદરીઓને પાછળ છોડીને મેક્સિકોની એન્ડ્રિયા મિસ યુનિવર્સ બની

ફ્લોરિડા,તા.૧૭

મેક્સિકોની એન્ડ્રિયા મેજાએ મિસ યુનિવર્સ ૨૦૨૦નો ખિતાબ પોતાના નામે કર્યો છે. પૂર્વ મિસ યુનિવર્સ જોજિબિની ટૂંજીએ તેને તાજ પહેરાવ્યો હતો. ફ્લોરિડા ખાતે યોજાયેલી ઈવેન્ટમાં બ્રાઝિલની જુલિયા ગામા ફર્સ્ટ રનરઅપ રહી હતી. જ્યારે પેરૂની જેનિક મકેટા સેકન્ડ રનરઅપ રહી હતી. સ્પર્ધામાં ભારતની એડલિન કાસ્ટેલિનો થર્ડ રનરઅપ જ્યારે ડોમિનિકન રિપબ્લિકની કિમ્બરલી પેરેઝ ફોર્થ રનરઅપ બની હતી. મિસ યુનિવર્સ કોન્ટેસ્ટમાં ભારતે પણ ટોપ ૫માં જગ્યા બનાવી છે. સ્પર્ધામાં એડલિન કાસ્ટેલિનોએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને ચોથા નંબર પર જગ્યા બનાવી હતી. મેક્સિકો, ડોમિનિકન રિપબ્લિક, ઈન્ડિયા, પેરૂ અને બ્રાઝિલ ટોપ-૫માં પહોંચ્યા હતા.

ક્વેશ્ચન આન્સર રાઉન્ડમાં એન્ડ્રિયાને સવાલ કરવામાં આવ્યો હતો કે, જો તમે તમારા દેશના લીડર હોવ તો તમે કોવિડ-૧૯ મહામારીને કેવી રીતે હેન્ડલ કરેત? તેના જવાબમાં તેણે કહ્યું કે, 'મારૂ માનવું છે કે, કોવિડ-૧૯ જેવી આ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવા માટે કોઈ ચોક્કસ પદ્ધતિ નથી. જો કે, મારૂ એવું માનવું છે કે, મેં જે પગલા ભર્યા હોત તેમાં લોકડાઉન હોત, બધુ આટલી હદે થાય તે પહેલા જ કારણ કે, આપણે અનેક લોકોને ગુમાવ્યા છે. અને આપણે તે સહન કરી શકીએ તેમ નથી. આપણે આપણા લોકોની દેખભાળ કરવી પડશે. માટે હું શરૂઆતથી જ તેમનું ધ્યાન રાખતી.'

# છત્રપતિ શિવાજી એરપોર્ટનું ટર્મિનલ દોઢ મહિના બાદ ફરી બંધ રહેશે



મુંબઈ,તા.૧૭

મહારાષ્ટ્ર તથા મુંબઈમાં વધતા કોરોના સંક્રમણના કારણે દેશમનું વ્યસ્ત એરપોર્ટમાં સામેલ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજા ઈન્ટરનેશનલ એરપોર્ટ્સ(સીએસએમઆઈએ)ના ટર્મિનલ ૧ એક વાર ફરી બંધ થવા જઈ રહ્યુ છે. ૨૧ એપ્રિલથી એરપોર્ટ્સના ટર્મિનલ ૨થી તમામ ઉડાનો સંચાલિત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે કોરોનાની પહેલી લહેરના કારણે એરપોર્ટ્સનું ટર્મિનલ ૧ લગભગ ૧ વર્ષ સુધી બંધ રહ્યુ હતુ. એરપોર્ટ્સનું સંચાલન કરનારી ખાનગી કંપનીઓએ આને ૧૦ માર્ચે જ ઉડાનો માટે ખોલ્યુ હતુ. લગભગ દોઢ મહિના બાદ આ ફરી બંધ કરવામાં આવી રહ્યુ છે.

ઉલ્લેખનીય છે કે ટર્મિનલ -૧થી ડોમેસ્ટિક સંચાલન કરવામાં આવે છે. કોરોના મહામારીની ખરાબ થતી સ્થિતિને જોતા એરપોર્ટ્સ મેનેજમેન્ટે તાજો નિર્ણય કર્યો છે. સીએસએમઆઈએ એક નિવેદન જારી કરી કહ્યુ કે ૨૧ એપ્રિલથી તમામ ઘરેલૂ તથા વિદેશની તમામ ઉડાનો ટર્મિનલ ૨થી સંચાલિત કરવામાં આવશે.

# શ્રીનગરમાં સેનાએ એન્કાઉન્ટરમાં ૨ આતંકીઓને કર્યા ઠાર

શ્રીનગર,તા.૧૭

શ્રીનગરનાં ખાનમોહ વિસ્તારમાં સોમવારે સવારે આતંકવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે એન્કાઉન્ટરમાં ઓછામાં ઓછા બે આતંકવાદીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળો દ્વારા હજુ પણ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. માર્યા ગયેલા આતંકવાદીઓ અલ-બદ્ર આતંકી સંગઠન સાથે સંકળાયેલા હતા.

જમ્મુ-કાશ્મીર પોલીસ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) ની સંયુક્ત ટીમે સીઝ અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. આઈજીપી કાશ્મીર વિજય કુમારે એએનઆઈને જણાવ્યું કે, એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા બંને આતંકવાદીઓ અલ-બદ્ર આતંકી સંગઠનનાં છે. ખાનમોહ ક્ષેત્રમાં અથડામણમાં એક અને અજાણ આતંકવાદી માર્યો ગયો છે અને શોધ ચાલી રહી છે.

પોલીસે જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ ત્યાં આતંકવાદીઓની હાજરીની બાતમીનાં આધારે આ વિસ્તારની ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. તેમાં કહેવામાં આવ્યું છે કે સુરક્ષા દળોની ચોકીઓ પર આતંકીઓએ ગોળીબાર કર્યા બાદ ઓપરેશન એન્કાઉન્ટરમાં ફેરવાઈ ગયું. પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ (આઈજીપી) કાશ્મીર વિજય કુમારનાં જણાવ્યા અનુસાર, રવિવારે જમ્મુ-કાશ્મીરનાં શોપિયન જિલ્લામાં સુગન અને તુર્ખાવાંગમ સુરક્ષા દળો વચ્ચે એક તાત્કાલિક વિસ્ફોટક ડિવાઈસ (આઈઈડી) ની શોધ કરી હતી. એએનઆઈએ કુમારને ટાંકતા જણાવ્યું છે કે, તુર્કાવાંગમ વિસ્તારમાં આઈઈડી લગાવવાનાં સંબંધમાં સુરક્ષા મથક પહેલાથી જ ઈનપુટ મળેલ હતો.

# કરિયર દરમિયાન ૧૦-૧૨ વર્ષ સુધી તણાવનો સામનો કર્યો: સચિન તેંડુલકર

ન્યુ દિલ્હી,તા.૧૭

મહાન ક્રિકેટર સચિન તેંડુલકરે રવિવારે કહ્યુ કે, પોતાના ૨૪ વર્,ના કરિયરનો એક મોટો ભાગ તેમણે તણાવમાં રહેતા પસાર કર્યો છે અને ત્યારબાદ હું તે વાત સમજવામાં સફળ રહ્યો કે મેચ પહેલા તણાવ રમતની તેની તૈયારીનો એક મહત્વપૂર્ણ ભાગ હતો. કોવિડ-૧૯ દરમિયાન બાયો-બબલ (જૈવ-સુરક્ષિત માહોલ) માં વધુ સમય પસાર કરવાથી ખેલાડીઓના માનસિક સ્વાસ્થ્ય પર પડી રહેલી અસર વિશે વાત કરતા માસ્ટર બ્લાસ્ટરે કહ્યુ કે, તેનો સામનો કરવા તેની સ્વીકાર્યતા જરૂરી છે.

તેંડુલકરે અનએકેડમી દ્વારા આયોજીત એક ચર્ચામાં કહ્યુ- સમયની સાથે મેં અનુભવ્યુ કે રમત માટે શારીરિક રૂપથી તૈયારી કરવાની સાથે તમારે ખુદે માનસિક રૂપથી પણ તૈયાર રહેવુ પડશે. મારા મગજમાં મેદાનમાં પ્રવેશ કરતા પહેલા મેચ શરૂ થઈ જતી હતી. તણાવનું સ્તર વધારે રહેતું હતું. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સદીની સદી ફટકારનાર એકમાત્ર પૂર્વ ખેલાડીએ કહ્યું- મેં ૧૦-૧૨ વર્ષોવ સુધી તણાવ અનુભવ્યો હતો, મેચ પહેલા ઘણીવાર એવું થયું કે જ્યારે હું રાત્રે સુઈ શકતો નહતો. બાદમાં મેં તે સ્વીકાર કરવાનું શરૂ કરી દીધું કે આ મારી તૈયારીનો એક ભાગ છે. મેં સમય સાથે સ્વીકાર કરી લીધુ કે મને રાત્રે સુવામાં મુશ્કેલી થાય છે. હું મારા મગજને સહજ રાખવા માટે કંઈક અન્ય કામમાં લગાવતો હતો.

તેમણે કહ્યું, કંઈક અન્યમાં બેટિંગ અભ્યા, ટેલીવિઝન જોવુ અને વીડિયો ગેમ્સ રમવા સિવાય સવારે ચા બનાવવી પણ સામેલ હતું. રેકોર્ડ ૨૦૦ ટેસ્ટ મેચ રમી ૨૦૧૩માં નિવૃતિ લેનાર ખેલાડીએ કહ્યું- 'મને મેચ પહેલા ચા બનાવવી, કપડાને ઈસ્ત્રી કરવા જેવા કાર્યોથી પણ ખુદને રમત માટે તૈયાર કરવામાં મદદ મળતી હતી. મારા ભાઈએ મને આ બધુ શીખવાડ્યુ હતું. મેં મેચના એક દિવસ પહેલા મારી બેગ તૈયાર કરી લેતો હતો અને આ એક આદત બની ગઈ હતી. મેં ભારત માટે રમેલી અંતિમ મેચમાં પણ આમ કર્યું હતું.'

તેંડુલકરે કહ્યું, ખેલાડીએ મુશ્કેલ સમયનો સામનો કરવો પડે છે પરંતુ તે જરૂરી છે કે ખરાબ સમયનો સ્વીકાર કરે. તેમણે કહ્યું- જ્યારે તમે ઈજાગ્રસ્ત થાવ છો તો ચિકિત્સક કે ફિઝિયો તમારી સારવાર કરે છે. માનસિક સ્વાસ્થ્યના મામલામાં પણ આમ છે. કોઈ પણ માટે ખરાબ-સારા સમયનો સામનો સામાન્ય વાત છે. તેમણે કહ્યું- તે માટે તમારે વસ્તુનો સ્વીકાર કરવો પડશે. આ માત્ર ખેલાડીઓ માટે નથી પરંતુ જે તેની સાથે છે તેને પણ લાગૂ થાય છે. જ્યારે તમે તેનો સ્વીકાર કરો છો પછી તેનું સમાધાન શોધવાનો પ્રયાસ કરો છો.

તેમણે ચેન્નઈના એક હોટલ કર્મચારીનો ઉલ્લેખ કરતા કહ્યુ કે, કોઈપણ ગમે તેને શીખવી શકે છે. તેમણે કહ્યું- મારા રૂમમાં એક કર્મચારી ડોસા લઈને આવ્યો અને તેણે ટેબલ પર રાખ્યા બાદ મને એક સલાહ આપી. તેણે જણાવ્યું કે, મારા એલ્બો ગાર્ડ (કોણીને ઈજાથી બચાવનાર) ને કારણે મારૂ બેટ પૂર્ણ રીતે ચાલી રહ્યું નથી, તે વાસ્તવમાં સાચુ તથ્ય હતું. તેણે મને તે સમસ્યાથી છૂટકારો અપાવવામાં મદદ કરી.

# ભારતીય શેરબજારમાં બેકિંગ સેક્ટરની આગેવાની હેઠળ તેજી તરફી માહોલ!!

*અમદાવાદ,તા.૧૭*

સેન્સેક્સ :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે બીએસઇ સેન્સેક્સ આગલા બંધ ૪૮૭૩૨.૫૫ સામે ૪૮૯૯૦.૭૦ પોઈન્ટના મથાળેથી ખુલીને ૪૮૯૨૩.૧૩ પોઈન્ટના નીચા મથાળે થી નવી લેવાલી દ્વારા સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યોપ સરેરાશ ૭૦૫.૨૯ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૮૪૮.૧૮ પોઈન્ટના ઉછાળા સાથે ૪૯૫૮૦.૭૩ પોઈન્ટ મજબૂતી સાથે બંધ થયેલ..!!!

નિફ્ટી ફ્યુચર :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ ૧૪૭૧૪.૯૫ સામે ૧૪૭૬૨.૩૦ પોઈન્ટના મથાળેથી ખુલીને ૧૪૭૪૪.૦૫ પોઈન્ટના નીચા મથાળે થી નવી લેવાલી દ્વારા નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યોપ સરેરાશ ૨૧૫.૯૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફ્યુચર ૨૪૦.૪૫ પોઈન્ટના ઉછાળા સાથે ૧૪૭૧૪.૯૫ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયેલ..!!!

કોરોનાની અત્યંત ઘાતક નીવડી રહેલી બીજી લહેરના પરિણામે દેશભરમાં મોટાભાગના રાજયોમાં લોકડાઉન લાગુ કરવાની પડી રહેલી ફરજ અને હવે દેશવ્યાપી લોકડાઉન કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થવાની અટકળો વચ્ચે દેશમાં બેરોજગારી મોટાપાયે વધવાના એંધાણે અને કોરાનાને અંકુશમાં લેવા વેક્સિનેશનને વેગ આપવાની આવશ્યકતા વચ્ચે આજે બેંકિંગ-ફાઈનાન્સ શેરોની આગેવાનીમાં તેજીનું તોફાન કરી મૂક્યું હતું. ભારત ગંભીર કોરોના સંકટમાં ફસાયો હોઈ અત્યારે આ સંકટમાંથી બહાર આવવું મુશ્કેલ બની જતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા યુદ્ધના ધોરણે વિશ્વમાંથી જે દેશો પાસેથી મદદ મળી શકતી હોય એ મેળવવા અને દેશના ઉદ્યોગપતિઓ, સરકારી તંત્ર તમામને કામે લગાડવા થઈ રહેલા પ્રયાસોના પરિણામ સારા આવવા લાગી દેશમાં કોરોના સંક્રમણના આંકડા અંકુશમાં આવી રહ્યાના સંકેતો અને દેશના અર્થતંત્રને ખાસ મોટો ફટકો નહીં પડવાના અમુક નિષ્ણાંતોના અભિપ્રાય વચ્ચે આજે ભારતીય શેરબજારમાં તેજી જોવા મળી હતી. બેંકિંગ-ફાઈનાન્સ ક્ષેત્રે સૌથી મોટી ચિંતા ઉપજાવનારા આ સંકટમાં અગાઉ બેંકોએ લોકોની લોનો માફ કરવા મામલે સરકાર સાથે મોટી મડાગાંઠ કરીને બેંકોની લોનોડૂબત ન બને એ પ્રયાસ બાદ આ વખતે ફરી લોનો માફ કરવાનો વખત ન આવે એ માટે આગોતરા પ્રયાસ કરવા લાગતાં ફંડોએ આજે બેંકિંગ શેરોમાં તેજીનું તોફાન મચાવીને સેન્સેક્સને ૪૯૫૦૦ની સપાટી અને નિફ્ટી ફ્યુચરે ૧૪૯૫૦ની સપાટી પાર કરી હતી. આગામી દિવસોમાં કેન્દ્રિય નાણા મંત્રાલય ઉદ્યોગો માટે સ્ટીમ્યુલસ પેકેજ જાહેર કરે એવી બતાવાતી શકયતાએ પણ ફંડોએ આજે આક્રમક તેજી કરી હતી.

બીએસઇ પર મીડકેપ ઈન્ડેક્સ ૧.૬૩% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૧.૬૧% વધીને બંધ રહ્યા હતા. વિવિધ સેકટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર માત્ર હેલ્થકેર અને ટેલિકોમ શેરોમાં વેચવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેકટરલ ઈન્ડાયસીસ ઉછાળા સાથે બંધ રહ્યા હતા. બીએસઈમાં કુલ ટ્રેડીંગ થયેલી ૩૩૫૯ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૦૫૧ અને વધનારની સંખ્યા ૨૦૯૯ રહી હતી, ૨૦૯ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૨૧૯ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૪૯૪ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બજારની ભાવિ દિશા. મિત્રો, વર્તમાન નાણાં વર્ષ માટે મૂડી'સે ભારતના આર્થિક વિકાસ દરના અંદાજમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે અને દેશના સોવેરિન રેટિંગને અપગ્રેડ કરવાનું હાલમાં નકારી કાઢયું છે. રાજકોષિય ખાધ વધવાની પણ ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. વર્તમાન નાણાં વર્ષ ભારતનો આર્થિક વિકાસ દર જે અગાઉ ૧૩.૭૦% રહેવા મૂડી'સ ઈન્વેસ્ટર્સ સર્વિસિઝે અંદાજ મૂકયો હતો તેમાં હવે ઘટાડો કરીને ૯.૩૦% કરાયો છે.

કોરોનાની બીજી લહેરને કારણે દેશના વિવિધ રાજ્યો દ્વારા લાગુ કરાયેલા નિયમનકારી પગલાંઓને કારણે માલસામાનના ઉત્પાદનો તથા પૂરવઠા પર ખલેલ પડી છે. કોરોનાની બીજી લહેરની નેગેટિવ અસરને ધ્યાનમાં રાખી અંદાજમાં ઘટાડો આવી પડયો છે એમ મૂડી'સ દ્વારા એક નિવેદનમાં જણાવાયું છે. આર્થિક વિકાસ દરમાં ઘટાડાને જોતા ભારત સરકારની રાજકોષિય ખાધ વર્તમાન નાણાં વર્ષના અંતે ૧૧.૮૦% રહેવા ધારણાં મૂકવામાં આવી છે જે અગાઉ ૧૦.૮૦% મુકાઈ હતી. આ સાથે આગામી દીવસોમાં ભારતના એપ્રિલ મહિના માટેના હોલસેલ ફુગાવાના જાહેર થનારા આંક પર ભારતીય શેરબજારની નજર રહેશે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ચાર પદ્ય રચના પ્રસિદ્ધ કરવામાં આવી છે.
વિષય : વિદેશ ની વાટે,વતન ની વાટે.
દિવસ - ૧

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
એડમિન ટીમ.: નિર્ણાયક મંડળ, જયકાંતભાઈ ઘેલાણી,વિભૂતિ બેન દેસાઈ, પ્રદિપ રાવલ,સહયોગી : આરતી મરચંટ,અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

NOG SS No- 0091
વિષયઃ વતનની વાટ
પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ વતનની વાટ

વીતી ગયા વર્ષો, વતન જોયું જ્યારે.
બદલાયેલા ચહેરા જોયાં,
દુઃખ થયું ત્યારે.
જે રસ્તે ચૂંથીતી માટી,
પહોળાં એને જોયાં જ્યારે.
ભીડ હતી ગાયબ અને ટીખળી ડહોળી ત્યારે.
માટીની સુંદર દીવાલો,
ઇંટની દેખાણી જ્યારે.
જર્જરિત નિશાળ દેખી,
થયું મનોમંથન ત્યારે.
જે શાળામાં ભણતાં રમતાં,
યાદ આવ્યું જ્યારે.
યાદોની એક હાર બની,
વધુ વિચાર્યું ત્યારે.
ઝાલર વગાડી દોડી જતાં,
માર ખાતાં જ્યારે.
વીજળીની એ ઘંટડી દેખી,
ઉદાસ થયું મન ત્યારે.
રેડિયો, ટી.વી, ને મોબાઈલ,
નહોતાં અહીં જ્યારે.
મદારીને પૂતળીનાં ખેલ,
થાતાં અહીં ત્યારે
રમતાં ખેલતાં બાળકોને,
ન જોયાં જ્યારે.
મોબાઇલમાં એ માથાકૂટતાં,
દેખ્યા મેં તો ત્યારે.
બધું ગયું છે શહેર ભણી જ્યારે,
ગામડાંનાં પતન અહીં થયાં છે ત્યારે.
નથી દેખાતાં ચકલી માળા,
નહીં ભમરીનું ગુંજન.
સીમ અને સીમાડા નહીં ને,
નહીં પંખીનો કલરવ.
નથી નદીએ પનિહારી કે નથી ચોરે ભાભા.
નથી ગાયો ચરાવતા ગોવાળો કે નથી ઘેંટા બકરાં.
નથી ભાભલડી પૂછતી ,ક્યારે તમે આવ્યાં.
વતન દીઠે વર્ષો વિત્યા, ક્યાંથી અમે આવ્યા?
નથી વતનનો વાંક કે નથી કોઈની ભૂલ.
શહેરમાં વસવાની માયાએ અમને કરાવી ભૂલ.
ઉપકાર માનીએ વતનનો જેણે અમને રાખ્યાં,
દુઃખમાં અમને સાથ દઈને જોશને હિંમત આપ્યાં.

જિજ્ઞાસા. યુ .જોષી, 'શુક'

---

NOG :SS : 0089
પ્રકારઃ પદ્ય
વિષયઃ વિદેશની વાટે - વતનની વાટે
શીર્ષકઃ "ખોયું મેં ગાડું....!

બાપ બોલ્યો ચલ સાથે દીકરા હળ ચલાવને,
ભણવાનું પડતું મૂક હવે ઘરકામમાં હાથ દે ને ,
ગામ છોડી શહેરી બન્યો કમર તોડતો રહેને ,
ભણ્યો નથી તો જીવી લીધું શું ટ્રક ચલાવીને?
પ્રેમ લગ્ને દીકરો જન્મ્યો વધામણાં આંગણેને,
કંચન વર્ણી કન્યા જન્મી પણ ખર્ચા તો વધ્યાને!
કમર તૂટી તોડી રોટી જાત ઘણી રોજ મારીને,
દેશ છોડી વિદેશ પહોંચ્યો શાને કાજ મરીને ?
ન અહીં શાંતિથી જીવાયું વિદેશ વાટે રખડીને,
છૂટ્યો પ્રદેશ તો દેશ વાટે કયાંયનો રહ્યો ને !
રોજ લાશ મારી ઉઠાવી રોજ સૂરજ ઉદય ને,
પૃથ્વીનો મહેમાન બની કયાં કદીયે જીવ્યો ને?
એક સ્વર્ગે એક નરકે ત્રિશંકુ હું જ ફસાયોને,
લાલચ-લોભ-રોષ-નગદે મુજથી હું ખોવાયોને!
લખો-ભૂસો ખોટો-સાચો સરવાળે સપડાયોને,
ભરખે જિંદગી ભરખે કોરોના બોલો ફેર છે ને?
કઇ વાટે પ્રભુ દ્વારે લઇ જાશે કોઇ બતાવોને?
દેશ હોય કે વિદેશ વાટે રાજીપો કયાં કહોને ?
બોલતા શીખો ચૂપ રહો કોણ તમારું બતાવોને?
જન્મતાં રડાવે શ્વાસ, છોડાવી શ્વાસ રહેવાના ને!

રેખા શુક્લ- અમેરિકા

---

NOG.SS NO /0026
પ્રકાર - પદ્ય એક રચના.
શીર્ષક -વતનની વાટ.
એક રચના.

સમયની ભલે તેજ રફ્તાર પ્યારે, વતન લ્યો વાટ જુએ છે.!
યુગો યુગોથી પોકારે, વતન લ્યો વાટ જુએ છે!
અહીં પાદર, અહીં પીપળો, નદીની એ જ સરવાણી,
ઊગીને રોજ આથમતો રવિ પણ વાટ જુએ છે !
અહીં પાદરનો એ ચોરો, ને પેલી ગાયના ઘણ, રોજે,
ત્યાં ભરવાડોનાં, ડચકારો બધાંયે વાટ જુએ છે!
ચઢીને વડની વડવાઈ, નદી કૂદતાં કતારોમાં,
ધૂબાકા મારતાં ન્હાવું, પડી ર'તા એ ધારોમાં,
મધૂરાં બાળપણની યાદ, તારી વાટ જુએ છે!
ભલે જ્યાં છો રહો ખુશ પણ,
પ્રભુ, બસ એટલું વાંછુ, નીકળતા પ્રાણ હો મારા,
રહું વતનની હું સદા વાટે, કે વતન ત્યાં વાટ જુએ છે!

અંજના ગાંધી "મૌનુ",વડોદરા

---

NOG SS No : 0079
પ્રવિણા કડકિઆ
પ્રકાર : પદ્ય
શીર્ષક : હે વતન

વતન છોડ્યે વર્ષોનાં વહાણાં વાયા
પ્રેમ વધ્યો, રાષ્ટ્રભાષા હૈયામાં વસી
—————————

हम यहाँ के भी हैं!
हम वहाँ के भी हैं।
दोनों जहाँ से नाता रखते हैं हम।
..
भारत पर नाज है।
अमेरिका पर इतराते है।
भारतीय अमेरिकन बन गए हैं हम ।
..
हिंदी क्यों छोड़े भाई,
अंग्रेज़ी आसानी से बोलते हैं।
देशी तरिकेसे समजाने लगे हैं हम।
शाकाहारी बनाके खाते हैं।
बिनशाकाहारी खाना क्यों खाना?
मेक्सिकन इटालियन खाते हैं हम।
..
दिवाली पे दीये जलाए।
क्रिसमस ट्री भी लगाया।
दोनों त्योहार मनाते हैं हम।
—
शर्ट और पेंट भी पहना।
सारी कुर्ता गर्व से पहने।
भिन्न-भिन्न कपड़े शौकसे पहनते हैं हम।

—
छुट्टियों मनाने देश विदेश घूमें।-
अमेरिका जी भरके देखा।
भारत अनेकों मौक़े ढूँढते हैं हम ।
हम ए बी सी डी ज़रूर हैं।
क्योंकि प्यारे भारत माँकी संतान है।
शान सौकतसे यहाँ जीते हैं हम।
—
अपनी औलादों को आगे बढ़ाते हैं ।
हम त्रिशंकु नहीं मोर हैं।
पींछी और रंग ज़रूरी नहीं।
-
जय हिंद

प्रविणा कड़किए

---

શબ્દની મસ્તીથી , સંતાડું તને.
મૌનની મસ્તી થી , રંજાડું તને.
શેરિયત તો હોય છે, શબ્દાનુભૂતિ,
કાફિયામાં જો , હું બેસાડું તને.
મોજ ઝરણાં જો ,રદીફો છે ગઝલ.
મારિફત મસ્તીથી , ઓઢાડું તને.
છે સમાધી સ્પંદનો, ભીતર જુઓ,
કળ અકળ જો મન, હું બેસાડું તને.
હોય છે આનંદ , સાચો ચિન્મયી,
અર્થ મોઘમ, હસ્તિ દેખાડું તને.



મોહનભાઇ આનંદ ,વડોદરા

## તાઉક્તેની પ્રવર્તમાન સ્થિતની સમિક્ષા કરવા જિલ્લા કલેકટરશ્રી સંદિપ સાગલે ઘોલેરાના રાહતળાવ અને મીંગલપુર ગામની મુલાકાત લીધી

અમદાવાદ જિલ્લામાં તાઉ'તે વાવાઝોડાની સંભવિત અસરને ખાળવા માટે અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે ઘોલેરા છે.

અમદાવાદ જિલ્લામાં ધોલેરા સ્થિત ૧૦ કિ.મી. દરિયાકાંઠાનો વિસ્તાર વાવાઝોડાથી અસર પામવાની સંભાવના ધરાવે છે. જે માટે સમગ્ર જિલ્લા તંત્ર એલર્ટ મોડ પર કાર્ય કરી રહ્યું છે.

વાવાઝોડાની અસરથી બચવા અને આગોતરા આયોજનના ભાગરૂપે જિલ્લા કલેક્ટરશ્રીએ સ્થળ પર પહોંચી જાત નિરિક્ષણ કર્યું હતુ. આ દરમિયાન તેઓએ રાહતળાવ અને મિંગલપુર ગામની રૂબરૂ મુલાકાત લીધી હતી. ત્યારબાદ કામગીરીમાં લાગેલા તમામ અધિકારીઓ, એન.ડી.આર.એફની ટીમ સાથે બેઠક યોજીને તમામ તકેદારીના પગલા ભરવા પરામર્શ કર્યા હતા.

ધોલેરામાં સંભવિત વાવાઝોડાથી અસર થનાર તમામ પરિબળો સંલગ્ન ચર્ચા કરીને બચાવકામગીરી અને સાધન સામગ્રીની સમીક્ષા કરી હતી.

કોરોનાની સ્થિતિને લઇને વાવાઝોડાની સંભંવિત અસર પામનાર ગામડાળોના ગ્રામજનોને આશ્રય સ્થાનોમાં સુરક્ષિત સ્થાળાંતર કરાવવાની કામગીરી અંગેનો ચિતાર મેળવ્યો હતો. આ સમગ્રતયા કામગીરી દરમિયાન કોરોનાના તમામ દિશાનિર્દેશોનું પાલન થાય તેની ખરાઈ કરવા જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે તંત્રને સૂચના આપી હતી.

ધોલેરા ખાતેની મુલાકાતમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી અરૂણ મહેશ બાબુ અને જિલ્લા ગ્રામ્ય સુપ્રીનટેન્ડેન્ટ પોલીસ શ્રી વિરેન્દ્ર યાદવ પણ કલેક્ટર શ્રી સાથે જોડાઈને સમગ્ર કામગીરીનું નિરિક્ષણ કર્યું હતુ.

અમિતસિંહ ચૌહાણ

---

### ટૌકતે સાયક્લોનના જોખમ ટાળવા ખેડૂતોએ કાળજી લેવી

## એપીએમસી માં અનાજ કે ખેતપેદાશ સુરક્ષિત રાખવા તાડપત્રીથી ઢાંકીને રાખવા

મોડાસા,

અરવલ્લી જિલ્લા ખેતીવાડી વિભાગના જણાવ્યા મુજબ હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી સપ્તાહ દરમિયાન ટૌકતે સાયક્લોનના કારણે ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વાવાઝોડા તથા વરસાદી ઝાપટા પડવાની તેમજ વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતાઓ રહેલી છે. હાલમાં ખેતરમાં ઉભા પાક જેવા કે ઉનાળુ બાજરી, જુવાર ઘાસચારો, શાકભાજી વગેરે પાકમાં ખેડૂતોએ નીચે મુજબની સાવચેતી અને સલામતીના પગલા લઈ ખેતી પાકોમાં જોખમ ઘટાડવા કાળજી લેવી આવશ્યક છે.

ભારે વાવાઝોડા તથા વરસાદ થવાની ચેતવણીને ધ્યાને લઈ ખેડૂતોએ હાલ ઉનાળુ બાજરી પાકમાં પિયત ટાળવું તથા કાપણી કરેલ હોય તો વરસાદથી પાક ભીજાય નહી તે માટે કાપણી કરેલ તૈયાર પાક ગોડાઉન અથવા સુરક્ષિત જગ્યાએ રાખવા કાળજી લેવી. જુવાર ઘાસચારો, શાકભાજી વગેરે પાકમાં ઉભા પાકોમાં પિયત ટાળવું. ખેતરમાં ઉભા પાકમાં પાણીના નિતારની વ્યવસ્થા આગોતરી કરવી. ખાસ કરી ને બીટી કપાસનું નવુ વાવેતર હમણા ટાળવું. શાકભાજી વગેરેના ખેતરોમાં વરસાદી પાણી ભરાઈ ના રહે તે માટે આગોતરી કાળજી લેવી. ઉભા પાકમાં હાલ તુરત નાઈટ્રોજનયુક્ત ખાતર એટલે કે યુરિયા ખાતર આપવાનું શક્ય હોય તો ટાળવું. હાલમાં કોઈ પાકમાં જંતુનાશક દવાનો છંટકાવ નહી કરવા ભલામણ છે. જરૂરીયાત મુજબની ચીજ વસ્તુઓ હાથવગી રાખવી. ખેતરમાં રહેલ ઘાસચારાના ઢગલા વ્યવસ્થિત જગ્યાએ ઢાંકીને રાખવા. ફળ પાકો/શાકભાજી ઉતારીને બજારમાં વરસાદ પહેલા જ પહોંચાડવા, બાગાયતી ફળ પાકો મા વાવાઝોડા સામે રક્ષણ માટે ટેકા મુકવા તથા મોટા ઝાડ હોય અને જોખમી હોય તો તેનું કટિંગ કરવુ. રાસાયણિક ખાતર કે નવુ ખરીદેલ બિયારણ પલડે નહીં તે મુજબ સુરક્ષિત ગોડાઉનમાં રાખવું.

એપીએમસી માં અનાજ કે ખેતપેદાશ સુરક્ષિત રાખવા અને અનાજ કે ખેતપેદાશ તાડપત્રીથી ઢાંકીને રાખવા એપીએમસીમાં કે અન્ય જગ્યાએ વેચાણ અર્થે અથવા સંગ્રહ માટે લઈ જવાતી ખેતપેદાશો તાડપત્રી ઢાંકી ને જ લઈ જવી.

વાવાઝોડા, ભારે પવન તથા વરસાદના સંજોગોમાં પશુઓને યોગ્ય સુરક્ષિત જગ્યાએ રાખવા. પશુઓના રોડ ઉપરના પતરા વિગેરે ઉડી ના જાય તે મુજબ ફિટિંગ કરવા અને ઉપર વજન મુકવું તથા આવા શેડ ઉપર જોખમી ચિજ વસ્તુઓ હોય તો ઉતારી લેવી. ખેતરમાં કે ઘરની આજુબાજુ મોટા ઝાડ હોય તો તેની છટણી અવશ્ય કરવી જેથી જોખમ ટાળી શકાય. વધુ વરસાદની પરિસ્થિતિમાં ઘાસચારાનો યોગ્ય સંગ્રહ કરવો તેમજ જાણવણી માટે તાડપત્રીનો ઉપયોગ કરવો તથા પશુઓના નિભાવ માટે વૈકલ્પિક આહાર યોજના,પશુઓને પીવાના પાણી જેવા મુદ્દાઓ પર ખાસ ધ્યાન આપવું. વરસાદ કે પવનની આગાહી ધ્યાને લેતા મોબાઈલ ફોન ટોર્ચ વગેરે ચાર્જ કરીને રાખવુ અને સુરક્ષા માટે કે સલામતી માટેની તમામ વ્યવસ્થા રાખવી. એમ જિલ્લા ખેતીવાડી અધિકારી,જિલ્લા પંચાયત, અરવલ્લીની એક અખબારી યાદી દ્વારા જણાવાયું છે.

## ડી પી કેમ્પસ અને લાયન્સ કલબ શાહીબાગ દ્વારા આંતરરાષ્ટ્રીય નર્સ દિવસની ઉજવણી

ફ્લોરેન્સ નાઈટિન્ગલનો જન્મ ૧૨ મે ૧૮૨૦ના રોજ થયો હતો અને એણે આધુનિક નર્સિંગ ના સિધ્ધાંતો સ્થાપિત કર્યા હતા.અને માટે જ તેની યાદમાં દર વર્ષે ૧૨ મે ને આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ તરીકે ઉજવાય છે. પૂજન હોસ્પિટલ એ નાના બાળકોની હોસ્પિટલ છે અને ડૉ પરાગ ઠાકર અમે એમની ટીમ છેલ્લા ૨૫ વર્ષથી ખૂબ જ નજીવા દરે આ વિસ્તારના લોકોને સેવા આપી રહ્યા છે.છેલ્લા એકાદ માસમાં ૬ જેટલા બાળકો કોવિડ લઈને અહી આવેલ કે જે ૧૦૦૦ રૂપિયા કરતા ઓછા ખર્ચમાં સારવાર લાઇ સાજા થયાના ઉદાહણ છે. હાલની કોરોનાની રોગચાળાની પરિસ્થિતિમાં, નર્સોએ નિઃસ્વાર્થતાપૂર્વક દિવસ રાત તેમના પોતાના સ્વાસ્થ્ય અને તેમના પરિવારોના સ્વાસ્થ્યને જોખમમા મૂકીને દર્દીઓને પ્રાધાન્ય આપ્યું છે.



ડી પી કેમ્પસ અને લાયન્સ ક્લબ શાહીબાગ તરફથી પૂજન હોસ્પિટલમાં આવેલી ૧૮ જેટલી નર્સ ને એક સન્માનપત્ર તેમણે કરેલ કામગીરી બાદલ એનાયત કરવામા આવ્યું હતું.અને આ પ્રસંગે લાયન્સ શાહીબાગના પ્રમુખ શ્રી સંજય પટેલ, સેકેટરી શ્રી નિલમ ભાવસાર તેમજ નેસ્ટ પબ્લિક સ્કૂલના શ્રી ચિરાગ શાહ અને શ્રી મિહિર દેસાઇ હાજર રહ્યા હતા. તમામ નર્સોને વર્તમાન રોગચાળાની પરિસ્થિતિમાં સમાજ પ્રત્યેના તેમના યોગદાનની ડો પરાગ ઠાકરે પ્રશંસા કરી પ્રમાણપત્ર એનાયત કરાતા આંનદ ની લાગણી અનુભવાઈ હતી.

## કોરોના-બ્લેક ફંગસ વચ્ચે વાઇરલ ફિવરના કેસ વધવાની આશંકા

અમદાવાદ,તા.૧૭

તૌકતે વાવાઝોડાને કારણે શરુ થયેલા કમોસમી વરસાદે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચિંતા વધારી છે. કારણ કે કોરોનાની સાથે બેવડી ઋતુના કારણે વાઈરલ ફીવરના કેસો વધી શકે છે. તેમજ શરદી-ઉધરસ જેવા સામાન્ય લક્ષણવાળા દર્દીઓ વધવાનું જોખમ હોવાથી તંત્રે ખડેપગે રહેવું પડશે. કોરોનાની બીજી લહેર માંડ થોડીઘણી ઘટી રહી હતી. ત્યાં કમસોમી વરસાદને કારણે કોરોના ફરી ઉથલો મારી શકે, તેવી સંભાવના પણ રહેલી છે.

તૌકતે વાવાઝોડાની પૂર્વ અસરના પગલે વાતાવરણમાં પલટો આવી ગયો છે. અમદાવાદ સહિત રાજ્યના વિવિધ ભાગોમાં કમોસમી વરસાદ જોવા મળી રહ્યો છે. એક તરફ કોરોના વાઇરસનું સંક્રમણ અને બીજી તરફ બેવડી ઋતુના કારણે વાઇરલ ફિવરના કેસ વધી શકે છે જેની સીધી અસર એન્ટીજન અને આરટી-પીસીઆરના ટેસ્ટિંગ પર પડશે. જેનું ભારણ વધી શકે છે. અમદાવાદ સહિત તમામ જિલ્લાઓના સંભવિત વાવાઝોડાની અસરને પહોંચી વળવા માટે તમામ વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. તૌકતે સુચનાઓ આપી રહ્યાં છે. બીજી તરફ સંભવિત વાવાઝોડાંના કારણે વાતાવરણમાં પલટો આવ્યો છે. અમદાવાદ સહિતના જિલ્લા અને શહેરમાં ભારે પવન ફૂંકાઈ રહ્યો છે અને કેટલાંક ભાગોમાં કમોસમી વરસાદ પણ પડી રહ્યો છે. અમદાવાદમાં કોરોના દૈનિક કેસો ૨૫૦૦થી વધુ નોંધાઈ રહ્યા છે તેવા સંજોગોમાં કમોસમી વરસાદથી વાઈરલ ફિવરના કેસો વધી શકે છે.

## પૂજ્ય મોરારીબાપૂએ ભગવાન સોમનાથના ચરણોમાં દરેક વ્યક્તિની તંદુરસ્તી માટે પ્રાર્થના કરી



ઋગવેદમાં જેનો સ્પષ્ટ ઉલ્લેખ છે તેવા ગુજરાતના સોમનાથ મહાદેવ, જે ૧૨ જ્યોતિર્લિંગોમાં સર્વપ્રથમ જ્યોતિર્લિંગ છે, તેવા પાવન સોમનાથ મંદિરનાં પરિસરમાં ત્રિવેણી અને મહાસિંધુના સાનિધ્યમાં નવ દિવસથી પૂજ્ય મોરારીબાપુ દ્વારા 'માનસ વિનય પત્રિકા'ના કેન્દ્રિય વિચાર સાથે રામકથાનું ગાન થઇ રહ્યું છે. આજે કથાનો વિશ્રામ દિવસ હતો. કથાના બાકીના પ્રસંગોને સંક્ષિપ્તરૂપે વર્ણવતાં બાપૂએ આજે કથાની સમાપ્તિ કરી હતી.

સેતુબંધ રામેશ્વરની સ્થાપના-પૂજન માટે શિવલિંગને લાવવાની સેવા હનુમાનજીએ કરી હતી, તેનું સુંદર કથાનક બાપુએ પોતાની મૌલિક શૈલીમાં કર્યુ. શિવ પૂજન કરતાં રામજીએ કહ્યું કે મને શિવને સમાન કોઇ પ્રિય નથી. તેમણે કહ્યું કે રામચરિતમાનસ સંવાદનો ગ્રંથ છે. અમુક દુર્વાદને બાદ કરતાં તેમાં ન તો કોઇ વિવાદ છે, ન દુર્વાદ છે. અંતમાં તેમણે કહ્યુ કે રામચરિતમાનસનો સાર સત્ય,પ્રેમ અને કરૂણા છે. રામનું સ્મરણ સત્ય છે, રામના ગુણ-ગાન પ્રેમ છે અને રામના ગુણ-શ્રવણ કરૂણા વિના સંભવ નથી.

રામચરિતમાનસનાં અંતિમ પ્રકરણ અંગે વાત કરતાં બાપુએ કહ્યું કે તુલસીજી કહે છે કે આ કળયુગમાં આપણાં જેવાં જીવ, યોગ, યજ્ઞ, જપ, તપ, વ્રત, પૂજા નહીં કરી શકે. આપણે એકલા હોઇએ ત્યારે રામનું સુમિરન કરીએ, કોઇ શ્રોતાના રૂપમાં મળી જાય તો રામનું ગાન કરીએ અને કોઇ ગથાનું ગાન કરનાર મળે તો નિરંતર સાંભળો. રામ ભજવાથી કોને ગતિ નથી મેળવી!! મારા જેવા અતિ મતિમંદ પણ રામની લવલેશ કૃપાથી આજે પરમ વિશ્રામને પ્રાપ્ત થઇ ગયાં. રામના સમાન કોણ છે!

વિનય પત્રિકાની ચર્ચા કરતાં બાપુએ કહ્યું કે હરિનામ અને કોઇના ચરણોમાં એક નિષ્ઠા હોય છે ત્યારે અસ્તિત્વ મદદ કરવા લાગે છે. આ દિવસોમાં રામકથામાં વિનય પત્રિકાના અંતિમ પદને કેન્દ્રમાં રાખતાં સાત્વિક-તાત્વિક ચર્ચા થઇ રહી હતી. તેના અંતિમ બંધની સંવાદી ચર્ચામાં પાંચ પ્રકારની સહીની વાત કરતાં બાપુએ કહ્યું કે રામચરિતમાનસની ઉપર રામજીએ 'રઘુનાથ' નામની સહી કરી હતી. તુલસીને રામના અનેક નામોમાં 'રઘુનાથ' નામ પ્રિય છે. 'રઘુ' શબ્દનો અર્થ નાનો અથવા જીવ છે. આથી જ તેમણે 'માનસ' આરંભ અને અંતમાં 'રઘુનાથ' શબ્દનો પ્રયોગ કર્યો છે. તેનો તાત્વિક અર્થ બતાવતાં બાપુએ કહ્યું કે રામજીનું કહેવું છે કે નાના હોય કે મોટા, શ્લોક હોય કે લોક, દરેકનો હું નાથ છું. બાપુએ કહ્યું કે આપણે જેને નાના કહીએ છીએ તે વાસ્તવમાં મોટા હોય છે. તેજવંતને ક્યારેય નાના ન સમજો. રામચરિતમાનસમાંથી કેટલાક ઉદાહરણ આપતાં બાપુએ કહ્યું કે ભગવાનનું નામ યા મંત્ર નાના હોવા છતાં પણ ત્રિભુવનને, બ્રહ્મા, વિષ્ણુ, મહેશને વશમાં કરી લે છે. કુંજભ ઋષિ ત્રણ અંજલિમાં સાગરને પી ગયા. સૂર્ય ઉદિત થાય છે તો નાનો લાગે છે પણ ત્રિભુવનના અંધકારને હરી લે છે. અંકુશ નાનું છે, પણ હાથીને વશમાં કરી લે છે. કામદેવનું કુસુમ ધનુ-બાણ ત્રિભુવનને પોતાના વશમાં કરી લે છે. બાપુએ સોમનાથનાં ચરણોમાં કથાનું સંચિત થયેલું સુકૃત સમર્પિત કરતાં વિનય કર્યો કે આજે સમગ્ર દુનિયા અનાથપણું અનુભવી રહી છે, હે વૈદ્યરાજ, હે સદગુરુ તમારી ભભૂતિ ભસ્મ છે, તમારી કૃપાદ્રષ્ટિ ઔષધ છે, તમારી ગંગા ઔષધી છે, અમારી રક્ષા કરો. કોરોનાને કારણે જેટલાં ગયા છે, તેમને મુક્તિ આપશો. પીડિતોને તંદુરસ્તી આપશો અને ભવિષ્યમાં તમામની રક્ષા કરશો.

સોમનાથ ટ્રસ્ટની સાદર સેવાની બાપોએ પ્રશંસા કરી. યજમાન પરિવારની મૌન તનુજા, વિત્તજા અને માનસી સેવા અંગે પ્રસન્નતાપૂર્વક બાપૂએ આશીર્વચન આપ્યાં. મહામારીની હાલની નાજૂક સ્થિતિમાં કથાના આયોજનને ખૂબજ સીમિત રાખવામાં આવ્યું છે. કોરોના વાઈરસ સંબંધિત માર્ગદર્શિકાઓનુ પાલન કરતાં ૧૦-૧૨ શ્રોતાઓ સમક્ષ કથાગાન થઇ રહ્યું હતું.

### ધોલેરામાં કુલ ૩૮ આશ્રયસ્થાનો આશ્રિતોની સેવામાં કાર્યરત

# તાઉ'તે સંભવિત વાવાઝોડા સંદર્ભે અમદાવાદ જિલ્લાનું આગોતરું આયોજન

તાઉ'તે સંભવિત વાવાઝોડા દરમિયાન લોકો સલામત રહે તેમજ જિલ્લામાં કોઈ પ્રકારની જાનમાલની નુકસાની ન થાય તે માટે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ધોલેરા તાલુકાના વાવાઝોડા સંભવિત અસરગ્રસ્ત ૬ ગામોના ૯૬૨ લોકોને સુરક્ષિત રીતે સલામત સ્થળોએ ખસેડવામા આવ્યા હોવાનુ અમદાવાદ જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલેએ જણાવ્યું છે.. સલામત સ્થળોએ ઊભા કરવામાં આવેલ આશ્રયસ્થાનોમાં સ્થળાંતરિત કરવાની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી છે. જેમાં અત્યાર સુધીમાં રાહતળાવ, બૂરાનપૂર, પીપળી, આમલી, ગોગલા, મહાદેવપુરા ગામના ૧૩૮ ગ્રામજનો, ધોલેરા સ્થિત ટાટા સોલર કંપની અન્ય ખાનગી કંપનીમાં કામ કરતા ૮૨૪ શ્રમિકોનો સમાવેશ થાય છે.

ધોલેરામાં 'મલ્ટી પર્પસ ૭અ૭ર્૪ીહી સેન્ટર' છે, જ્યાં એન.ડી.આર.એફ.ની એક ટીમ તૈનાત કરવામાં આવી છે..

તમામ વ્યક્તિઓના રેપિડ એન્ટીજન ટેસ્ટ કરાવ્યા બાદ જ આશ્રય સ્થાનોમાં સ્થળાંતર કરવામાં આવ્યા છે.

આ તમામ ગામોમાં કોવિડ કેર સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે. રેપિડ ટેસ્ટ દરમિયાન પોઝિટિવ જણાઈ આવતાં દર્દીઓને કોવિડ કેર સેન્ટરમાં સ્થળાંતર કરીને સારવાર અર્થે મુકવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર સ્થળાંતર કામગીરી દરમ્યાન એક પણ કોરોના સંક્રમિત- પોઝિટિવ જણાઈ આવેલ નથી.આ છ ગામોમાં કાર્યરત કુલ ૩૮ આશ્રયસ્થાન કેન્દ્રો ૨૪૦૦ જેટલા લોકોને સમાવેશ કરવાની ક્ષમતા ધરાવે છે. સેવાભાવી સંસ્થાના સહયોગથી ચાર થી પાંચ હજાર જેટલા ફૂડ પેકેટ તૈયાર કરાવવામાં આવશે.. ?આશ્રય સ્થાનોમાં રહેલ તમામ વ્યક્તિઓને સમયસર જમવાનું મળી રહે તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે...

-અમિતસિંહ ચૌહાણ

### સ્એનએસએસના વિધાર્થીઓ દ્વારા કોરોના જાગૃતિનો સ્તુત્ય પ્રયાસ

# નવદુર્ગા હાઈસ્કૂલ રાજપીપલાના એનએસ એસ યુનિટ નાં સ્વયં સેવકો દ્વારા ઉકાળો તથા કપૂરની પોટલીનું વિતરણ



રાજપીપલા, તા.૧૭

એનએસએસ યુનિટ નવદુર્ગા હાઈસ્કૂલ રાજપીપલાનાએનએસએસ યુનિટના સ્વયંસેવકો દ્વારા આયુર્વેદિક વનસ્પતિઓ નો ઉકાળો બનાવવાની કામગીરી નવદુર્ગા શાળાના કેમ્પસમાં કરવામાં આવી રહી છે સાથે સાથે આ યુનિટ દ્વારા નવદુર્ગા હાઈસ્કૂલ દ્વારા કપૂરની પોટલી બનાવવાની કામગીરી પણ કરવામાં આવી હતી.

આ જેમાં ઉકાળા મા અડુલસી, તુલસી, ગળો,આદુ, હળદર, અજમો નાંખી તેને ઉકાળી બનાવેલો આયુર્વેદિક ઉકાળો જે રોગ પ્રતિકારક શક્તિ વધારે છે. અને કપૂરની પોટલી સૂંઘવાથી ઓક્સિજનની માત્રા વધારે છે ત્યારે કોરોનામા એનો લોકો વધુને વધુ લોકો ઉપયોગ કરી શકે તે માટે લોકોને વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. રાજપીપલા કરજણ નદીના કિનારે એનએસ એસ યુનિટ નવદુર્ગા હાઈસ્કૂલનાં સ્વયં સેવકો દ્વારા ઉકાળો વિતરણ તથા કપૂર ની પોટલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. એ ઉપરાંત

રાજપીપલા બસ સ્ટેશન પાસેપણ સ્વયં સેવકો દ્વારા ઉકાળો વિતરણ તથા કપૂર ની પોટલીનું વિતરણ તથા માટે સકારાત્મક અભિગમ કેળવવા પ્રયાસ તથા વેક્સીનેશન માટે પ્રોત્સાહિત કરવા માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# હાઈ પ્રોફાઈલ અકસ્માતમાં SP સંજય ખરાતે તપાસ DYSPને સોંપી : સમાધાન કરાવનાર પોલીસનો પાવર ત્રીજી આંખે ઉતાર્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા ચાર રસ્તા હંગામી બસ સ્ટેશન નજીક સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ધમધમાટ તેજ થયો છે ભીનું સંકેલવાની ગંધ આવતાની સાથે જ જિલ્લા પોલીસવડા સંજય ખારાતે તપાસ હેડ ક્વાર્ટર ડીવાયએસપી એન.વી.પટેલને સોંપી છે. નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા એન.વી.પટેલ પર જિલ્લા પોલીસ વડાએ વિશ્વાસ મુકીને નિષ્પક્ષ રીતે તપાસ કરવા માટે આદેશ કર્યા છે. તપાસ બાદ ૭ દિવસમાં રીપૉર્ટ સોંપવા માટે પણ હુકમ કર્યો છે.

હંગામી બસ સ્ટેશન નજીક તબીબે બેફામ રીતે કાર હંકારી ચાર લોકોના જીવ તાળવે બાંધી દીધા હતા અને રિક્ષા પલટી મારી ગઇ હતી. અકસ્માતને પગલે ટાઉન પોલીસ તેમજ ન્ઝ્રમ્ એ ભીનુ સંકેલવાના અથગ પ્રયાસો કરી રીક્ષાચાલક પાસે સમાધાન પત્ર લખાવી લીધા પછી અકસ્માતના સીસીટીવી ફૂટેજ બહાર આવતા આ અંગેના સમાચાર સ્થાનીક યૂટ્યૂબ ન્યુઝ ચેનલ અને સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ થતા જીલ્લા પોલીસવડાએ તપાસનો આદેશ કરતા ટાઉન પોલીસ અને એલસીબી પોલીસની કામગીરી શંકાના દયારામાં આવી ગઈ છે જેના પગલે રિક્ષા ચાલકને ન્યાય મળવાની ઉમ્મીદ બુલંદ બની એટલું જ નહીં પૂરપાટ અને બેફામ રીતે કાર હંકારનાર તબીબનો પાવર કદાચ લૉ થવાની શક્યતાઓ સેવાઇ રહી છે. તારીખ ૧૩ મે ના રોજ ૮ વાગ્યાના સુમારે હંગામી બસ સ્ટેશન નજીક કાર અને રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેને લઇને હાઇ પ્રોફાઇલ કેસ બની જતાં મામલાએ તૂલ પકડ્યો હતો. ઘટનાને પગલે રિક્ષા ચાલકે ટાઉન પીઆઇ તેમજ LCB પીઆઇ પર સમાધાન કરાવવાના દબાણ કર્યું હોવાનો ગંભીર આક્ષેપ પણ કર્યો હતો. એટલું જ નહીં કાર ચાલકે અકસ્માત ન સર્જ્યો હોવાનું તબીબે રટણ ચાલું રાખ્યુ હતું અને પૉલિસ રિક્ષા ચાલકને દબાવતી રહી, પણ ત્રીજી આંખે રિક્ષા ચાલકનો સાથ આપતા પૉલિસનો પાવર ડાઉન પડી ગયો.

# પાટણ માં વોર્ડ નંબર 3 માં સરકારશ્રીના મારો વોર્ડ કોરોના મુક્ત વોર્ડ કાર્યક્રમની શરૂઆત કરાઈ

પાટણ માં વોર્ડ નંબર ૩ માં સરકારશ્રીના મારો વૉર્ડ ,કોરોના મુક્ત વોર્ડ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી .આ કાર્યક્રમ અન્વયે કોર્પોરેટર ગોપાલભાઈ રાજપુત ,છાયાબેન રાવલ ,લાયઝનિંગ અધિકારી મયુરભાઈ રાજવંશ અને ડોકટર બ્રીજલબેન મકવાણા તથા તેમની ટીમ દ્વારા વોર્ડ નંબર ત્રણના સઘન સર્વેલન્સ દ્વારા અને જરૂરી દવાઓની કીટ પુરી પાડીને




કોરોના મુક્ત બનાવવાની નેમ લેવામાં આવી

.શિશુમંદિર ખાતે આ અભિયાન અંતર્ગત કોરોના દર્દીઓનું ઓપીડી પણ શરૂ કરવામાં આવેલ છે જેનો લોકો દ્વારા સારો એવો પ્રતિસાદ સાંપડેલ છે રવિવારે જિલ્લા પંચાયતના હિસાબી અધિકારી વર્ગ ૨ ગિરીશભાઈ ઠક્કર હાજર રહેલ વોર્ડ નંબર ૩ ના રહેવાસીઓ માટે વેક્સીનના પ્રથમ ડોઝ અને સેકન્ડ ડોઝની વ્યવસ્થા શિશુમંદીર સ્કૂલ ખાતે કરવામાં આવેલ છે .વોર્ડના રહેવાસીઓને શિશુ મંદિરની અચૂક મુલાકાત લેવા કોર્પોરેટરો દ્વારા વિનંતી કરવામાં આવે છે



મોરવા હડફ પેટાચૂંટણી માં વિજેતા શ્રી નિમિષ બેન સુથારે આજે ધારાસભ્ય તરીકે ના શપથ વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ની હાજરી માં લીધા.આ પ્રસંગે ગુજરાત ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી સી આર પાટીલ, પ્રદેશ ભાજપના મહામંત્રી શ્રી પ્રદીપસિંહ વાઘેલા, ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ ,ધારાસભ્ય શ્રી હર્ષભાઈ સંઘવી, ધારાસભ્યશ્રી રાકેશભાઇ શાહ અને સાંસદ જશવંતસિંહ ભાભોર ઉપસ્થિત રહ્યા હતા.

# બે મિત્રોએ એક વર્ષમાં 10,000 કિલોમીટર સાઈક્લિંગ યાત્રા કરી



યશ્વિન મહેતા અને યજ્ઞેશ સોની બંને મિત્રોએ ૫૭ વર્ષની વયે સાઈક્લિંગ કરીને પોતાનું સ્વાસ્થ્ય જાળવવા માટેનો પ્રયાસ કર્યો છે. આ વિશે વાત કરતાં યશ્વિન મહેતા અને યજ્ઞેશ સોનીએ કહ્યુ કે, અમારું સ્વાસ્થ્ય સારું રહે તે માટે નવા વર્ષથી સાઈક્લિગં કરવાનો સંકલ્પ કર્યો હતો. ફિટનેસની પ્રવૃત્તિને લીધે અમે સતત કાર્યરત રહીએ તે હેતુથી શહેરના રિવરફ્રન્ટથી નિયમિત રીતે પાંચ કિલોમીટર સાઈક્લિંગ કરવાની શરૂઆત કરી હતી. ફિટનેસ માટે શરૂ કરેલી પ્રવૃત્તિ શોખમાં પરિવર્તિત થઈ ગઈ અને તેને લીધે અમે ડાકોર, ગણપતપુરા, સાદરા, ડભોડીયા હનુમાન સહિતના વિવિધ સ્થળોએ સાઈક્લિંગ કરીને એક વર્ષમાં ૧૦,૦૦૦ કિલોમીટર સાઈક્લિંગનો પ્રવાસ કર્યો છે. આ પ્રવાસની સાથે અમે એક દિવસમાં બંને મિત્રોએ અમદાવાદથી અંબાજી જવાનું વિચારીએ છીએ.

### કોરોના સંદર્ભે ઈજિપ્તથી આવેલ

# રાજપીપલાની જનરલ હોસ્પિટલને ડિફિબ્રીલેટર શોક મશીન અને ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રામ મશીન મળ્યું



રાજપીપલા, તા.૧૭

વિદેશ મંત્રાલયના કોવિદ સેલ તરફથી મળેલ પત્ર અન્વયે વિદેશથી કોવિદ ૧૯ની મહામારી અર્થે સાધનોની સહાય રાજપીપલાની જનરલ હોસ્પિટલને મળેલ છે. જેમાં ઈજિપ્તથી કુલ-૧ ડિફિબ્રીલેટર શોક મશીન અને કુલ-૧ ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ મશીન મળેલ છે. ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ મશીનથી હૃદયમાં હૃદયઘાતનો હુમલો થયો હોય તો ખબર પડે છે. તેમજ ડિફિબ્રીલેટર મશીનની હૃદયના ધબકારા બરાબર ન ચાલતા હોય ત્યારે જરૂર પડે છે. સાથે કુલ-૧૫ નંગ પલ્સ ઑક્સીમીટર ેંજીઇ૭ તરફથી મળવાના બાકી છે. જે મશીનથી દર્દીનો ઑક્સીજન સેચ્યુરેશન ખબર પડે છે, તેમ સિવિલ સર્જન ડૉ.જયોતિબેન ગુપ્તા તરફથી જણાવાયું છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપળા

### ગુટખાના થેલામાં દારૂની હેરાફેરી

# મોડાસા રૂરલ પોલીસે પલ્સર બાઈક પર દારૂની ખેપ મારતા બે બુટલેગરને ૩૬ બોટલ સાથે દબોચ્યા



અરવલ્લી બ્યુરો મઠવાસ

કોરોના કહેર વચ્ચે પણ બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા અવનવા કીમિયા અપનાવી રહ્યા છે અરવલ્લી પોલીસતંત્ર જીલ્લાના માર્ગો પરથી થતી વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા સતત દોડાદોડી કરી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી રહી છે મોડાસા રૂરલ પોલીસે ગ્રામ્ય વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂનો વેપલો અને હેરાફેરી અટકાવવા સઘન પેટ્રોલીંગ હાથધરી દધાલિયા નજીક પલ્સર બાઈક પર દારૂની ખેપ મારી રહેલા બે બુટલેગરોને દબોચી લઈ તેમની પાસે રહેલા ગુટખાના થેલામાંથી ૩૬ બોટલ વિદેશી દારૂ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી વિદેશી દારૂ ભરી આપનાર જીતપુર (કુડોલ)ના સ્થાનીક બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

મોડાસા રૂરલ પીઆઈ એમ.બી.તોમરને પલ્સર બાઈક પર વિદેશી દારૂ ભરી બે બુટલેગરો કુશ્કી ગામ બાજુથી દધાલિયા તરફ આવી રહ્યા હોવાની બાતમી મળતા તાબડતોડ દધાલિયા ગામની સીમમાં પહોંચી નાકાબંધી કરી વાહનોનું સઘન ચેકીગ હાથધર્યું હતું બાતમી આધારિત પલ્સર બાઈક આવતા પોલીસે કોર્ડન કરી અટકાવી બાઈક પર રહેલા થેલામાં ચેક કરતા અંદર થી વિદેશી દારૂની બોટલ નંગ-૩૬ કીં.રૂ.૧૮૦૦૦ /- નો જથ્થો જપ્ત કરી બાઈક ચાલક ઉમેદપુર(દધાલિયા) ના બુટલેગર ભુપેન્દ્ર બાબુ ખાંટ અને પાછળ બેઠેલા નવા વડવાસાના કલ્પેશ અમીચંદ ચૌહાણની ધરપકડ કરી પલ્સર બાઈક,મોબાઈલ-૨, અને વિદેશી દારૂ મળી કુલ.રૂ.૧૦૮૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ બાઈક પર વિદેશી દારૂ ભરી આપનાર જીતપુર (કુડોલ) ના બુટલેગર વિજય ધૂળા પરમાર વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા

### પ્રથમ નર્મદા આરતી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે થશે.

# ગોરા ગામ ખાતે ૧૫ કરોડના ખર્ચે નર્મદા ઘાટ બનાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરાઈ

ગંગા સ્નાને,યમુના પાનેએટલે ગંગા મા સ્નાન કરવાથી પવિત્ર થવાય છે એમ એક માત્ર નર્મદા નદી એવી છે કે જેના દર્શન માત્રથી પવિત્ર થવાય એવી એક માત્ર નર્મદા નદી નર્મદા જિલ્લા મા પણ ખળખળ વહી રહી છે

નર્મદા જિલ્લામાં આવેલી નર્મદા નદીને કિનારે પંચકોશી પરિક્રમાનું વિશેષ મહત્વ છે. નર્મદા જયંતીએ અહીં નર્મદા પૂજનના અનેક કાર્યક્રમો થાય છે. ત્યારે હવે કેવડીયા કોલોની નજીક ગોરા ગામ ખાતે ૧૫ કરોડના ખર્ચે નર્મદા ઘાટ બનાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે

ગુજરાતના લોકો માટે સારા સમાચાર છે હવેથી રાજ્યના લોકોને ગંગા આરતીનો લ્હાવો લેવા માટે હરિદ્વાર સુધી જવાની જરૂર નહીં પડે. કારણ કે ટૂંક સમયમાં જ હવે ગુજરાતમાં પણ નર્મદા નદી પર નર્મદા ઘાટ શરૂ થવા જઈ રહ્યો છે. ગોરા ગામે આવેલ નર્મદા કાંઠે ૧૫ કરોડના ખર્ચે નર્મદાઘાટનું કામકાજ હાલ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. આ ઘાટ ૧૩૧ મીટર લાંબો અને ૪૭ મીટર પહોળો બનશે. જેનું ૬૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. ખાસ મહત્વની વાત એ છે કે નર્મદા




ઘાટ બની ગયા પછી આ ઘાટ પર સૌપ્રથમ નર્મદા આરતી આપણા વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી કરવાના છે. ત્યાર પછી સ્ટેચ્યુના પ્રવાસીઓ અને ભક્તોને પણ નર્મદા આરતીનો લાભ મળશે વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં નર્મદા આરતી કરવા આવે એવી શક્યતા છે. આ અંગે સ્ટેચ્યુ ઓફ યુનિટી જન સંપર્ક અધિકારી રાહુલ પટેલે વિશેષ માહિતી આપતાં જણાવ્યું હતું કેનર્મદા ની મહાઆરતી હવે નર્મદા માં પણ કરવામાં આવશે જે રીતે હરિદ્વાર માં હરકીપૌડી ની જેમ ગંગા ઘાટ છે તેવો નર્મદા ઘાટ બનશે કે જ્યાં ભક્તો બેસી નર્મદા સ્નાન કરી શકે જે ઘાટ એકદમ સુરક્ષિત બનાવવામાં આવશે અને રોજ સાંજે નર્મદા આરતી પણ કરવામાં આવશે. આમ રોજ સાંજે નર્મદા આરતી નો લ્હાવો ભક્તો ને મળશે. જે માટે સુંદર નર્મદા ઘાટ હાલ તૈયાર થઈ રહ્યો છે.

લગભગ ૬૦ ટકા કામ.પૂર્ણ થઈ ગયું છે..આ ઘાટ ત્રણ મહિનામાં પૂર્ણ કરી દેવામાં આવશે હાલમાં મધ્ય પ્રદેશમાં અને અન્ય નર્મદા સ્થળે જેવી રીતે ગંગાઆરતી ધામધૂમથી ઉજવાય છે તેવી જ રીતે અહીંગોરા ખાતે નર્મદા ઘાટ પર નર્મદા આરતી થશેઆમ નર્મદા ઘાટ શરૂ થયા પછી સ્ટેચ્યુ ઓફ યુનિટી ના પ્રવાસીઓ અને ગુજરાત ભરના ભક્તો આ નર્મદા આરતીનો લાભ લઈ શકશે.

તસ્વીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# તાઉતે વાવાઝોડાને ધ્યાને લઇ કાપણી કરેલ પાકો / ઉત્પાદનને સલામત જગ્યાએ ખસેડવા આહવાન- અમદાવાદ જિલ્લા ખેતીવાડી વિભાગ

અમદાવાદ જીલ્લામાં ઉનાળુ ઋતુ દરમ્યાન ડાંગર, કઠોળ, ઘાસચારા પાકોનું અંદાજીત ૪૧૨૩૮ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. હાલમાં ડાંગર તથા કઠોળ પાકોની કાપણીની મહત્તમ વિસ્તારમાં પુર્ણ થવાના આરે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર ગુજરાતમાં તારીખ ૧૭ મી મે તથા ૧૮ મી મે દરમ્યાન આવનાર 'તાઉતે× વાવાઝોડાને ધ્યાને લેતા લોકોના જાનમાલની સલામતી અને સુરક્ષા માટે વાવાઝોડા પહેલાં, વાવાઝોડા દરમિયાન, અને વાવાઝોડા બાદ તકેદારી અને જાગૃત્તિ કેળવવાથી સુરક્ષિત રહી શકાય છે તેમજ જાનમાલનું નુકસાન થતું અટકાવી શકાય છે.

અમદાવાદ જિલ્લા ખેતીવાડી વિભાગ તરફથી જણાવવામાં આવે છે કે વરસાદના કારણે ડાંગર પાક તેમજ કઠોળ પાકોને નુકશાન ન થાય તે હેતુસર કાપણી કરેલ પાકો સલામત જગ્યાએ ખસેડવા અથવા ખળામાં સુકવેલ કાપણી કરેલ પાકોને તાડપત્રી ઢાંકીને વરસાદના કારણે પાક ઉત્પાદનને નુકશાન થતું અટકાવવા માટે જરૂરી કામગીરી કરવી, આથી તમામ ખેડુતોને આગ્રહપુર્વક વિનંતી કરવામાં આવે છે કે આગામી પાંચ દિવસ દરમ્યાન ડાંગર તથા કઠોળ જેવા પાકોની કાપણી શરૂ કરવામાં ન આવેલ હોય તો તે હાલ પુરતી કાપણી ન કરવા, અથવા બંધ કરવા જણાવવામાં આવે છે.

ખુલ્લા ખેતરમાં / ઘર/ વાડાની ખુલ્લી જગ્યામાં પશુઓ માટેનો ઘાસચારો રાખેલ હોય તો તાડપત્રી ઢાંકીને રાખવા અને તેમને સલામત જગ્યાએ ખસેડવા અથવા માટે જણાવવામાં આવે છે. જેથી કરીને ઘાસચારાની કોઇ ગુણવત્તા પર અસર ન થાય. હાલમાં વરસાદની આગાહીને ધ્યાને લઇ નવું વાવેતર ન કરવા ભલામણ કરવામાં આવે છે. તથા શાકભાજી તેમજ ઘાસચારા પાકોમાં વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઇ, હાલ પુરતું પિયત ટાળવા અનુરોધ કરવામાં આવે છે, જેથી પાક નિષ્ફળ જવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય નહી.

એ.પી.એમ.સી. માં રહેલ ખુલ્લામાં રહેલ જણસીઓ સલામત સ્થળે ગોડાઉનમાં રાખવા વેપારીઓને જણાવવામાં આવે છે. પશુઓ માટેના ઢાળિયા કે કાચા શેડ વ્યવસ્થિત રાખવા અને પવનમાં ઉડે નહી તેવી પુરતી કાળજીઓ રાખવા જણાવવામાં આવે છે. વરસાદ સાથે પવનની આગાહીને ધ્યાને લઇ મોટા ઝાડની નીચે કોઇ પશુઓ બાંધવા નહી કે ખેડુતોએ કોઇ અવરજવર કરવી નહી તથા મોટા ઝાડની છટણી કરવી. કૃષિ ઈનપુટ જેવા કે બિયારણ કે ખાતર સલામત સ્થળે ગોડાઉનમાં સંગ્રહ કરવો જેથી બગાડ થાય નહી.

વધુમાં, અમદાવાદ જીલ્લામાં સંભવિત વાવાઝોડાને ધ્યાને લઇ, સંભવિત થનાર ભારે વરસાદને કારણે થનાર પાક નુકશાન સબબ તમામ તાલુકાઓમાં તાલુકા કક્ષાએ વર્ગ- ૨ કક્ષાના અધિકારીઓની નોડલ અધિકારી તરીકે નિમણુક કરી, તેઓની રાહબરી હેઠળ તાત્કાલિક સર્વેની કામગીરી સારૂ ગ્રામસેવકશ્રીઓની સર્વે ટીમની રચના કરવામાં આવેલ છે. તથા તમામ તાલુકા કક્ષાના સ્ટાફને જે તે સેજાના ગામોમાં સ્ટેન્ડ બાય રહેવા જીલ્લા કક્ષાએથી સૂચના આપવામાં આવેલ છે. વાવાઝોડાની સંભાવનાને ધ્યાને લેતા લોકોના જાનમાલની સલામતી અને સુરક્ષા માટે વાવાઝોડા પહેલાં, વાવાઝોડા દરમિયાન, અને વાવાઝોડા બાદ તકેદારી અને જાગૃત્તિ કેળવવા માટે સોશીયલ માધ્યમ થકી ગ્રામ્ય કક્ષાએ વધુમાં વધુ પ્રચાર- પ્રસાર કરવા તમામ વિસ્તરણ અધિકારીશ્રી / ગ્રામસેવકશ્રીઓને સૂચનાઓ આપવામાં આવેલ છે. એમ અમદાવાદ જીલ્લા ખેતીવાડી અધિકારી શ્રી હિતેશભાઈ પટેલે જણાવ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.